# મહાસતી પદ્માવતી



– મુનિ શ્રી વાત્સલ્યદીપ

## પૂજ્યશ્રી વાત્સલ્યદીપનાં પુસ્તકો

**ચિંતન:**

રાતગઈ, હવે જાગો (૧૯૮૦)
ગાતાં ગુલમહોર (૧૯૮૭)
તુમ ચંદન, હમ પાની (૧૯૯૨)
બોધસૂત્ર (૧૯૯૩)
પર્યુષણ (૧૯૮૧)

**પ્રવચન:**

જૈન ધર્મ અને ગીતાધર્મ (૧૯૮૬)
ભવનો ભય (૧૯૮૮)

**ધર્મ:**

જૈન ધર્મ (૧૯૯૩)
જૈનીઝમ (૧૯૯૭)

**વાર્તા :**

ઝાકળ બન્યું મોતી (૧૯૭૭)
ઓસ બના મોતી (૧૯૭૯)
રણથી ઝરણ (૧૯૮૦)
મેઘધનુષની માયા (૧૯૯૧)
એક ખોબો ઝાકળ (૧૯૯૧)
કલ્પતરૂ (૧૯૯૧)
અંતર જ્યોતિ ઝળહળે (૧૯૯૧)
ભીતર સૂરજ હજાર (૧૯૯૨)
કોઈ ડાળી, કોઈ ફૂલ (૧૯૯૨)
જૈન સ્ટોરીઝ ફ્રોમ
મુનિ વાત્સલ્યદીપ (૧૯૯૩)
આકાશને દરવાજે સૂરજ (૧૯૯૫)
ધરતીના દરિયા પર (૧૯૯૫)

**સર્જન અંક:**

સુવિચાર (૧૯૯૩)
સુઘોષા (૧૯૯૬)
દુર્લભ ધર્મ (૧૯૯૭)

**જીવનકથા :**

મહાનમંદિર, મહાન માનવી (૧૯૯૭)
મહાસતી પદ્માવતી (૧૯૯૮)

**સંશોધન :**

કથા છત્રીસી (૧૯૯૪)
જૈન સાહિત્ય એક છબી (૧૯૯૩)

**પ્રાપ્તિસ્થાન**

- ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.
- સુઘોષા કાર્યાલય : શેખનો પાડો, ઝવેરીવાડની સામે, રિલીફ રોડ, અમદાવાદ-૧. ફોન : ૩૮૧૪૧૮
- નવભારત સાહિત્ય મંદિર : જૈન દેરાસર પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. તથા ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

**અચૂક વસાવવા જેવું સંસ્કારવર્ધક સાહિત્ય**

પૂ. આ. શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી જૈન ~~ગ્રંથમાળા : ૧~~

# મહાસતી પદ્માવતી



-મુનિ શ્રી વાત્સલ્યદીપ

પ. આ. શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા : ૧

શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન : પુસ્તક - ૧૩ મું

પ.પૂ.આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજના
શિષ્ય પૂ. મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ.
**"મુનિ વાત્સલ્યદીપ"** લિખિત ઈતિહાસકથા

# 'મહાસતી પદ્માવતી'

(સચિત્ર સળંગ વાર્તા)

વિ. સં. ૨૦૫૪ | ઈસ્વીસન્ ૧૯૯૮

| ● પ્રત : | મૂલ્ય | ● ચિત્ર : |
|---|---|---|
| ૨,૦૦૦ | રૂા. ૨૫/- | શ્રી જય પંચોલી |

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રારંભ | ૧ |
| ૧. | મહારાણીનો મનોરથ | ૩ |
| ૨. | તપોવનમાં | ૯ |
| ૩. | દુઃખી દધિવાહન | ૧૯ |
| ૪. | કોઈનો લાડકવાયો | ૨૯ |
| ૫. | ચમત્કારી વાંસ | ૪૦ |
| ૬. | દેવ જેવો રાજા | ૪૭ |
| ૭. | વચનનું પાલન | ૫૪ |
| ૮. | પ્રેમાળ મિલન | ૬૩ |
| ૯. | સંયમનો રંગ | ૭૭ |
| ૧૦. | વૈરાગ્યની રમણા | ૮૦ |


● પ્રકાશક ●

શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન (રજી.નં. એ/૨૪૦૦)
૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવી રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

મુદ્રક : ભરત ગ્રાફિક્સ, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ,
અમદાવાદ-૧. ● ફોન : ૩૮૭૯૬૪



## શાન્તમૂર્તિ સૂરિવર : જૈન શાસનના શણગાર
## પરમ પૂજ્ય આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજ
## (૧૯૭૪-૨૦૫૪)

જૈન સંઘ હંમેશા, ઉત્તમ જ નહિ પણ ઉત્તમોત્તમ ગુરુજનોથી શોભિત રહ્યો છે. પ. પૂ. આ. દેવશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજા એવા એક ઉત્તમોત્તમ સૂરીપુંગવ હતા. ભોળપણ, સમતા અને સહજ ઉદારતા જેવા ગુણોથી પરિવરેલા પૂજ્ય ગુરુદેવ શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજા શાસનનિષ્ઠ, સંપૂર્ણ ગુરુભક્ત અને ભક્તવત્સલ હતા.

એમની યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. પ્રત્યેની ગુરુભક્તિ નિરંતર ઉદાહરણ બની રહેશે. તેઓશ્રીએ પ. પૂ. આ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી. અને પ. પૂ. અનુયોગાચાર્ય પં. શ્રી મહોદયસાગરજી મહારાજના શિષ્ય બન્યા હતા.

જન્મ મુંબઈમાં, સં. ૧૯૭૪. દીક્ષા મુંબઈમાં, સં. ૨૦૦૪. મૃત્યુ મુંબઈમાં સં. ૨૦૫૪. આ એક અજબ યોગાનુયોગથી બન્યું. અચાનક અમદાવાદમાં ગળામાં કેન્સરનો વ્યાધિ નક્કી થયો. રેડિયોથેરાપીથી મટ્યું. ડૉકટર્સની સલાહ મળી કે મુંબઈ જવું જોઈએ, ફક્ત ચેકિંગ કરાવી લો કે બધું સારું થઈ ગયું છે. તેઓ આ દિવસોમાં ઘણા પ્રસન્ન રહે. બાળક જેવું નિર્મળ હસીને હા ભણી. મુંબઈ આવ્યાના ૧૫ દિવસ પછી (ત્યાં સુધી કંઈ નહિ પણ) ફેફસામાં પાણી ભરાયું. દુઃખાવો થયો, એ પણ મટ્યું. ને એમની મૂળ વ્યાધિ, કીડનીની તકલીફ એકદમ જ ઉભરાઈ. ચૈત્ર વદ ૪, ગુરુવાર, તા. ૧૬-૪-૯૮ ના રાત્રે ૧૧ઃ૫૫ મિનિટે શ્રી નમસ્કાર મહામંત્ર સાંભળતા હતા તે વખતે પોતાના શિષ્ય, પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ તરફ એક દૃષ્ટિ કરીને વળતી પળે એમણે દેહ ત્યાગ કર્યો.

આ દિવસો પણ અપાર સમતાના. સૌ સાથે હસે, વાતો કરે. પોતાની નિત્ય ક્રિયાઓમાં પણ મગન અને પોતાના શિષ્યની ગુરુભક્તિથી અત્યંત સંતુષ્ઠ. નિત્ય ચાંદખેડામાં નિર્મિત થઈ રહેલ ભવ્ય તીર્થની અને અડાલજ હાઈવે પર બની રહેલ શ્રી શિખરજી તીર્થની ચર્ચા થાય, હૈયાનાં ભાવ કહે. સમુદાયની સ્થિતિની પણ ચિંતા કરે. સુચન કરતા રહે કે તું આમ પૂરું કરજે. આપણને અજાણ્યો ભાસ થાય કે પૂજ્યશ્રીને કંઈક સૂઝી ગયું છે. પણ બોલાય શી રીતે ? એકાદ વાર એવો પ્રયત્ન કર્યો તો કુશળતાપૂર્વક વાત વાળી લીધી.

પૂજ્યશ્રી આજે નથી, એ સ્મૃતિ જ આંખને ભીની કરે છે. શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશનના આરંભથી પૂજ્યશ્રીના આશીર્વાદ અમારી સાથે હતા, અને સદાય અમારી સાથે રહેશે. પૂજયશ્રીની નિત્ય સ્મૃતિ માટે અમે આ પુસ્તકથી પૂજય આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળાનો પ્રારંભ કરીએ છીએ. પૂ. ગુરુદેવશ્રીના પુણ્ય સ્મરણમાં શ્રી એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ (અમદાવાદ)માં હમણાં ઓ. પી. ડી. નો પણ આરંભ થયો છે.

જૈન શાસનના શણગાર જેવા પરમ કૃપાળુ, પરમ પૂજય આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજના પવિત્ર આત્માને અમારા અનંત કોટિ વંદન હો !

લિ. ટ્રસ્ટી મંડળ

શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન




સૂર્યમૂખી પોતાની સુંદર પાંદડીઓ ખોલે તે પૂર્વે રાત્રીનો શ્યામલ અંધકાર તેણે નિહાળવો પડે છે. અંધકાર ભરેલા સંસારમાં આશાનાં કિરણ જેવા શ્રમણ ભગવાન મહાવીરના સમયની આ વાત છે. અહિંસાનો પ્રચાર કરતાં ભગવાન મહાવીર ઠેર-ઠેર વીચરતા હતા અને સૌને સંસ્કારથી સુવાસિત કરતા હતા. આ કથાના નાયકો તેમના પરમ ઉપાસકો છે.

અંગ નામનો દેશ. ચંપા નામે નગરી, જાણે ફૂલોની નગરી ! ચંપાના મહારાજા દધિવાહન - અતીવ લોકપ્રિય રાજવી. ન્યાયથી રાજ્ય ચલાવે અને પ્રજાની હમેશાં ચિંતા કરે. ફૂલમાં જેમ સુગંધ વિલસે તેમ દધિવાહન પ્રજામાં રસાઇ ગયા હતા.

દધિવાહનને એક રાણી. ગુણે ઉત્તમ, રૂપે

અનુપમ, નામે પદ્માવતી. ગણતંત્રની આદિ નગરી વૈશાલીના મહારાજા ચેટકની સાત પુત્રીઓમાંની એક તે પદ્માવતી. સતીઓમાં શ્રેષ્ઠ. પુષ્પના અર્ક જેવાં મહારાણી ચંપામાં પરણીને આવ્યા અને નગરમાં આનંદનું સંગીત પ્રકટયું. અને એ સંગીતની સૂરાવલિ એક દિવસ દિગંતે વ્યાપી, જ્યારે જનગણે જાણ્યું કે, મહારાણી પદ્માવતીને સુખના દિવસો રહ્યા છે. પ્રજા જાણે પોતાના જ અંગને આવકારતી હોય તેમ થનગની રહી !

કિંતુ કુદરતનો કાનૂન અનેરો છે. આનંદ પછી શોકનું આગમન થાય અને શોક પછી આનંદ પ્રકટે. અહીં એવું જ બન્યું. સહુના આનંદને આંચકો આપે તેવી એક ઘટના બની.

આજથી પચીસસો વર્ષ પૂર્વેની એક સાંજ ઉઘડતી હતી.



# મહારાણીનો મનોરથ

સંગેમરમરનો રાજપ્રાસાદ સંધ્યાના પ્રકાશમાં સોનાનો લાગતો હતો.

સૂરજમુખી પોતાનાં પડળ બીડતું હતું. સંધ્યા પોતાનાં પાલવમાં ધરતીને આવરી રહી હતી. રાણી પદ્માવતી સંધ્યા સ્નાન કરીને તૈયાર થયાં હતાં. એમની નિર્મળ આંખોમાં અજંપો દોડાદોડ કરતો હતો. સદાય સ્વસ્થ રહેતાં પદ્માવતી આજે અસ્વસ્થ હતાં.

ગવાક્ષ વાટે પ્રવેશતા પવનની પાતળી લહરની સાથે એમના વાળની લટ જરા હલી રહી હતી અને ત્યાં એમણે કોઈકનો મધુર સ્પર્શ અનુભવ્યો, જોયું તો, મહારાજા દધિવાહન ! મહારાણી ઊભાં રહ્યાં પણ એમની આંખમાં લહેરાતો અજંપો અછતો ન રહ્યો, દધિવાહને પૂછ્યું :

“ રાણી, શું વિચારે છે ?”

મહારાણી મૌન રહ્યાં. દધિવાહને તેની



સામે થોડીક ક્ષણ સ્થિર નજરે જોયા પછી કહ્યું:

"દેવી, તું કશી ચિંતામાં છે ? તારી ચિનાંશુવેષ્ટિત કાયા મોહમયી તો લાગે જ છે પણ એનું તેજ આજકાલ કેમ ઝંખવાયેલું લાગે છે? કહે ન કહે, તને કોઈ ચિંતા સતાવે છે. શું છે પ્રિયે ?"

પદ્માવતીએ મહારાજાની સામે જોયું. એમનું મુખ શરમથી લાલ લાલ થઈ ગયું. એ બોલવા ગયાં પણ બોલી ન શક્યાં. પદ્માવતીના મુખ પરની મૂંઝવણ જોઈને દધિવાહને ફરી આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું :

" મને ગર્ભ રહ્યો ત્યારથી મનમાં એક દોહદ જાગ્યો છે."

"તો કહે ને !"

પદ્માવતીના મુખ પરની લાલિમા બેવડાઈ. ગવાક્ષ પર બેઠેલી સારિકા તરફ તે જોતાં રહ્યાં, પછી તેમણે ધીમેથી કહ્યું :

"દેવ, મને થાય છે કે, હું તમારાં વસ્ત્રો પરિધાન કરીને, હાથીની અંબાડી ઉપર બેસીને સમગ્ર પ્રજાને મોકળે હાથે દાન આપું અને ત્યાર પછી આપણે વનવિહાર કરીએ."

દધિવાહન હસ્યા. તેમણે કહ્યું :

" રે દેવી, આટલી નાની વાતમાં સંકોચ શા માટે? હું તત્કાળ તૈયારી કરાવું છું."

પ્રભાત થયું.

સારી ય નગરીમાં મહારાજા દધિવાહને પડહ વગડાવ્યો.

મહારાણીના મનોરથની સહુને જાણ કરી. સમગ્ર ચંપાએ અનેરા શણગાર સજ્યા !

મહારાણી પદ્માવતીએ પુરુષનો વેશ પરિધાન કર્યો. કમરે તલવાર બાંધી, ખભે ઢાલ મૂકી. નૂતન વેશ સજ્યા પછી પદ્માવતી દર્પણ સામે ઊભાં રહ્યાં ત્યારે એમણે રોમાંચ અનુભવ્યો. મનની ઈચ્છા પૂરી થતી હતી એટલે શરીરમાં આનંદનું કંપન રેલાતું હતું.

મહારાણી ગજરાજ ઉપર બેઠાં. મહારાજાએ છત્ર ધર્યું. નગરયાત્રાનો પ્રારંભ થયો ત્યારે અપાર માનવગણ એમને નિહાળવા ઉમટ્યો ! મહારાણી છૂટે હાથે સૌને દાન દેતાં હતાં. લોકો જયનાદ પોકારતા એ દાનની ધારા ઝીલતા હતા. લોકોને પોતાના હર્ષમાં સામેલ થતા જોઇને મહારાણીના મુખ પર સૂરજના કૂમળા પ્રકાશ જેવી પ્રસન્નતા ફેલાઈ.

ગજરાજ નગર વટાવીને વન તરફ ચાલ્યો.

આકાશમાં વાદળો રમતાં હતાં. વનનાં પુષ્પોની મહેંક ચારે તરફ પ્રસરી હતી. ઘેરાયેલાં વાદળો ધીમે ધારે વરસવા માંડ્યાં અને મદોન્મત હાથી પાગલ થઈ ગયો. પવનની પાતળી સપાટી ઉપર ચાલી આવતી મત્ત સૌરભે એને ઉશ્કેર્યો અને હાથી આડેધડ ભાગવા માંડ્યો.

ભાગતાં ભાગતાં મદમસ્ત બનેલા હાથીએ સૂંઢ વડે મહાવતને પકડીને હવામાં ફંગોળ્યો.

વાતાવરણ ચીચીયારીઓથી ગાજી રહ્યું. વનનાં પક્ષીઓ ડરથી પોતાના માળામાં જઈ ભરાયાં. પ્રાણીઓ પણ સંતાઈ જવા લાગ્યાં ! ગાંડોતુર બનેલો હાથી રસ્તામાં આવતી વૃક્ષશાખાઓનો નાશ કરતો, સમગ્ર વાતાવરણને ડરાવતો ભાગતો હતો.

આ બધું જાણે ક્ષણવારમાં બની ગયું. આવો પ્રસંગ બનશે એવી કોઈને કલ્પના પણ ન હતી. આ બધું અણધાર્યું હતું. મહારાણી ગભરાયાં.

મહારાજા દધિવાહન હસ્યા. તેમણે કહ્યું:

''ગભરા નહિ પ્રિયે, હું તારી સાથે છું.''

કિંતુ મહારાણી ભયાર્ત હતાં. મહારાજાએ રાણીને બંને બાહુઓથી પકડી રાખ્યાં. તેમણે કહ્યું:

''ડર નહિ, ધૈર્ય રાખ. સામે મોટું વડનું ઝાડ આવે છે તેની નીચેથી હાથી પસાર થશે. વૃક્ષની ડાળી ચપળતાપૂર્વક તું પકડી લેજે. હું પણ ડાળીને થોભી લઇશ. હાથી પસાર થઈ જશે અને આપણે નીચે ઉતરી જઈશું. પછી કોઈ ભય નથી.''

એ જ વખતે હાથી વૃક્ષની નીચેથી પસાર થયો. રાજાએ ઝડપથી ડાળી પકડી લીધી પણ રાણી ન થોભી શકી !

વૃક્ષ પર લટકેલો રાજા ફાટી આંખે ભાગતા હાથીને જોઈ રહ્યો.

વરસતાં વાદળો તેની સામે હસતાં હતાં !




# ૨

પંખીઓએ કવિતાગાન પ્રારંભ્યું અને આશ્રમની હવા બદલાઈ ગઈ. આકાશને સ્પર્શતો મંદિરનો ઘંટારવ ગૂંજ્યો પણ એના રવે રવે મહારાણી પદ્માવતી ફફડતી રહી, એની બાજુમાં ઊભેલા તપસ્વીએ પદ્માવતીના શિર પર હાથ ફેરવતાં કહ્યું:

''બેટા, આ આશ્રમની પવિત્ર ધૂળને સ્પર્શ્યા પછી દેહ અને વસ્ત્રની જેમ ચિત્ત અને ભયને જુદા કરી નાખવા જોઈએ. તારા મનમાં જ્યાં સુધી ભય છે ત્યાં સુધી આ પંખીઓના ગાનનો આનંદ તું ક્યાંથી માણી શકીશ ?''

પદ્માવતીનાં નેત્રોમાંથી એક અશ્રુબિંદુ ખર્યું. એની વિહ્વળતા સમગ્ર દેહમાં વ્યાપી વળી હતી. તપસ્વીને લાગ્યું કે, પદ્માવતીને એકલી છોડવી જોઈએ. તેમણે કહ્યું :



''પ્રાતઃ કર્મથી નિવૃત્ત થા પુત્રી, પ્રભુની કૃપા તારી રક્ષા કરશે.''

- અને એ ચાલ્યા ગયા.

પદ્માવતી જઈ રહેલા તપસ્વીને જોઈ રહી. તપસ્વીના પગલે પગલે પદ્માવતી આશ્વાસન શોધતી રહી. કિંતુ હજી ગઈકાલના આઘાતની કળ વળતી નહોતી. કેવી ભયાનક ઘટના બની ગઈ ! એની નજીકથી એક નિર્દોષ હરણ પસાર થયું પણ એથી પદ્માવતી વિશેષ કંપી. એના દબાતા પગલામાં એને પેલા ગાંડાતુર હાથીના ભણકારા સંભળાયા ! જિનમંદિરમાં કોઈ સુંદર સ્વરે સ્તવન ગાતું હતું. એ ધ્વનિમાં એને ગઈકાલનો નગરયાત્રા સમયનો વાજીંત્રનાદ સંભળાયો. ઓહ ! ભાગ્યનો આ કેવો ઉપહાસ !

- સંધ્યા સમયે નગરમાંથી વન તરફ નીકળ્યા. મહારાજાએ ઝાડની ડાળી થોભી લેવા કહેલું, પણ પોતે હિંમત ન કરી શકી ! ગઈ કાલે માત્ર સંધ્યા જ ઢળી હતી ? - પદ્માવતીને વિચાર આવી ગયો કે તેની સાથે જ પોતાની જીવન સંધ્યા પણ ઢળી ગઈ !

હાથી ભાગ્યો, તે આડેધડ દોડતો હતો. હાથીને રોકવો અને મોતને થંભાવવું - બંને સરખાં હતાં. ચોપાસ પથરાયેલી નયનરમ્ય વનરાજી

હાથીના પગલે પગલે પીંખાતી જતી હતી. મહારાણી પદ્માવતી ભયથી કંપતી, આશંકાઓથી અકળાતી હાથીની અંબાડીને વળગીને બેઠી હતી. કોઈ નાનકડી ભૂલ થઈ જાય તો મૃત્યુ દૂર નહોતું ! હાથી ચીંધાડતો હતો. રાણી 'બચાવો-બચાવો'ની બૂમો પાડતી હતી, પણ નિર્જન વનમાં તેનો અવાજ કોણ સાંભળે ?

આડેધડ દોડીને થાકેલો હાથી એક સરોવર પાસે થોભ્યો. સરોવરનું જળ જોઈને એની નજર શીતળ બની ગઈ. પદ્માવતીને આશાનું કિરણ લાધ્યું. હાથી સરોવરમાં પ્રવેશે તો ધીમેથી ઉતરી જવાય. હાથી ધીમે પગલે નિશ્ચલ સરોવરમાં પ્રવેશ્યો ને રાણી પદ્માવતી પાણીમાં કૂદી પડી! તરતાં તો નહોતું આવડતું તો ય ગમે તેમ કરીને સામે કિનારે પહોંચી ત્યારે નસીબે કેવી રમાડી હતી તેની ભયાનક યાદે પદ્માવતી ધ્રૂજી રહી હતી.

સરોવરની ચોપાસ તેણે નજર ફેરવી. ભેંકાર વન તેની એકલતા અટૂલાપણાનું ભાન કરાવી રહી. માથે રાત, બિહામણું વન, પશુઓની ત્રાડ : રાણી ભયભીત થઈ ગઈ. એને લાગ્યું કે, દુઃખ એના રૂંવે રૂંવે સો સો સ્વરૂપ ઘેરી વળ્યું છે અને હવે કદાપિ તેમાંથી બહાર નહીં નીકળાય !

એ રૂક્ષ જમીન પર બેસી પડી.

એ મહેલોમાં વસનારી રાણી હતી.

સુકોમળ અને નાજુક અંગોવાળી પદ્માવતી. જે ક્યારેય આવા જંગલમાં એકલી આવી નથી, દાસીઓના ઝુંડથી વિખૂટી પડી નથી તેવી મહારાણી પદ્માવતી આજે આવા નિર્જન વનમાં એકલી-અટૂલી ભેંકાર રાતે ભોળી પારેવડીની માફક ફફડતી હતી.

એક બાજુ તમરાનો સતત ડરાવતો અવાજ, બીજી તરફ ઘોર અંધકારમાં અજાણ્યા જંગલમાં કોઈ સહારો નહીં.

થોડી વારમાં હાથી સરોવરમાંથી નીકળી જંગલમાં અદૃશ્ય થયો. પદ્માવતી અર્ધ બેહોશ દશામાં હતી. એટલામાં હરણનું એક ટોળું પાણી પીવા સરોવરમાં આવ્યું. પદ્માવતી એ હરણોને જોઈ રહી.

નાનકડા અવાજથી ડરીને ઊંચી ડોક કરી ચોતરફ જોતાં હરણાં જેવી જ દશા પોતાની હતી. જેણે જીદંગીમાં કદી આવો અંધકાર અને આવી ભેંકાર રાત જોઈ નથી એવી પદ્માવતી આજે નિ:સહાય દશામાં મૂકાઈ ગઈ હતી.

અંધારું વધુ ઘેરું બનતું જતું હતું. રાણીને પાણી પીવાનું મન થયું. એ સરોવર તરફ વળી. પાણી લેવા હાથ લંબાવ્યો ને આપોઆપ પાછો વળી

ગયો. એને મહાન પિતા ચેટકનું એક વચન સાંભળ્યું: ''આઘાતના સમયમાં ત્યાગનો દૃઢ સંકલ્પ કરવો. સંકલ્પની શક્તિ દુઃખનાં વાદળ વિખેરવામાં સફળ થઈ શકે છે.'' પદ્માવતીથી આપોઆપ સંકલ્પ થઈ ગયો. જ્યાં સુધી પોતાનું શીલ અને જીવન સુરક્ષિત થાય તેવા સ્થળે નહીં પહોંચે ત્યાં સુધી અન્ન અને જળનો ત્યાગ !

એને લાગ્યું કે, પોતાના દેહમાં કોઈ અજાણી શક્તિ પ્રવેશી રહી છે. એ મક્કમ પગલે ઊભી થઈ. આ અજાણ્યા સ્થળમાં રાત્રિ પસાર કરવા કરતાં કોઈ સુરક્ષિત સ્થળ શોધવું એને ઉચિત લાગ્યું.

એ ચાલી.

નીબીડ વનમાં એને કોઇક અપાર્થિવ પ્રકાશથી દોરતું લાગ્યું. એ ચાલતી રહી. હવે વન્ય પશુઓનો ભય નહોતો લાગતો ! અરે, કોઇનોય ભય નહોતો લાગતો! એને આશ્ચર્ય થયું: આ હિંમત અચાનક ક્યાંથી આવી ગઈ? એણે દૂર નજર માંડી. કશુંય સ્પષ્ટ કળાતું નહોતું છતાં ઝાંખુ ઝાંખુ દેખાયું - કોઈ પોતાના પ્રકાશથી આરણ્યકને ઉજાળતું હોય તેમ સામેથી આવતું લાગ્યું. રાણી પદ્માવતી સહસા તે તરફ દોરાઇ એને મમતાનું અજવાળું પાથરતો હોય તેવો અવાજ સંભળાયો :

''કોણ છે વત્સ ?''

પદ્માવતી સ્તબ્ધ થઈ ગઈ : શું આ પિતાનો અવાજ? એ તો સ્વર્ગે સિધાવ્યા છે ! - એને થયું. એ નજીક સરી. અવાજના માહાત્મ્ય જેવા દેહનો આકાર ધરાવતા કોઈ માનવીને નજીકથી નિહાળીને તે થંભી. આગંતુક વ્યક્તિએ ફરીથી કહ્યું :

"કોણ છે વત્સ ? કેમ મૌન છે ?"

આગંતુકને પ્રત્યુત્તરમાં ડૂસ્કાનો ધ્વનિ સંભળાયો. એ નજીક આવ્યા - જોયું તો એક સ્ત્રી ! એ ચોંક્યા : આ અરણ્યમાં અંધારી રાત્રે સ્ત્રી ?

આગંતુક પુરુષવેશે સ્ત્રીને આવા નિર્જન વનમાં ઘોર અંધારી રાતે એકલી જોઈ વિસ્મય પામ્યા. આગંતુકે પરિવેશ પરથી તારણ કાઢયું કે, જરૂર કોઈ રાજકૂળની સ્ત્રી છે.

પદ્માવતી નિરુત્તર રહી. તેને શું કહેવું તે સૂઝયું નહીં. તે વિચારી રહી : 'આગંતુકના ચહેરા પર સંયમનું તેજ ઝળકે છે, પણ અજાણ્યો પ્રદેશ, અજાણી ભૂમિ, અજાણ્યો આગંતુક....પોતાના શીલનાં રખોપાં કઈ રીતે થશે ?' પદ્માવતી હૃદયથી ભાંગી પડી હતી.

પદ્માવતી સમજતી હતી કે, અત્યારે પોતાને સહારાની જરૂર છે, 'ભગવાન વીતરાગ દેવ મારા શીલની રક્ષા કરજો,' એવું મનમાં સતત રટણ ચાલતું હતું. હવે આગંતુક શું પૂછશે, તેની પ્રતિક્રિયા

શું હશે વગેરે સવાલોથી તે દિગ્મૂઢશી બની બેસી રહી હતી.

પરંતુ પદ્માવતીથી આ સ્થિતિમાં વધુ વખત ન રહી શકાયું. આગંતુકે ફરીથી વાત્સલ્યથી ભરપૂર શબ્દોમાં કહ્યું :

''વત્સ, તું જરાય ગભરાયા વિના કહે, તું કોણ છે અને આવી પરિસ્થિતિમાં કેવી રીતે મૂકાઈ ? તું શાંત થા. જરાય ચિંતા ન કરીશ. ભગવાન જિનેશ્વર તારી રક્ષા કરશે.''

આગંતુકને કોઇ પ્રત્યુત્તર ન મળ્યો. પ્રત્યુત્તરમાં સંભળાયું રુદન. અજાણી સ્ત્રી પુરુષવેશમાં આટલી ગભરુ અને નાજુક હશે તેની કલ્પના આગંતુક કરી રહ્યા હતા, તેવામાં ફરીથી પદ્માવતીનું ડૂસકું સંભળાયું. હવે પેલા રુદનના અવાજની સામે પ્રશ્ન કરવો તેમને અયોગ્ય લાગ્યો. આગંતુકે કહ્યું :

''ગભરા નહિ બેટા ! કહે તું કોણ છે?''

પદ્માવતીથી કશું જ ન બોલાયું. ક્ષણભર થોભ્યા પછી એ બોલી : ''મને કશું જ ન પૂછો, હું તમારી પુત્રી છું.''

આગંતુકે એ શબ્દોમાં ઘુમરાતી વેદના પારખી. પદ્માવતીને તેમની સાથે જવામાં કોઈ ક્ષોભ ન થયો. ઘણું ચાલ્યા પછી એક મુકામે પહોંચ્યા

ત્યારે પદ્માવતી એ અજાણ્યા માનવી સાથે કોઈ આશ્રમમાં હતી. અંધારામાં ય રૂપાળા લાગતા એ આશ્રમમાં પ્રવેશતાં તેમણે કહ્યું :

"બેટા, અત્યારે આરામ કર, તારી વાત મને નિરાંતે કરજે. તને એક અલગ કુટિર આપું છું, તેમાં માતાના સાંનિધ્યમાં હો તેમ નિશ્ચિંતપણે નિરાંતે સૂજે, આ આશ્રમમાં હું એક તપસ્વી સાધક છું, આશા રાખું છું કે, સવારે તને મળવા આવું ત્યારે તું સ્વસ્થ હોઇશ."

અજાણ્યા આગંતુક સાથે તેણે પ્રવેશ કર્યો. આશ્રમમાં પ્રવેશતાંની સાથે જ તેને શાતા વળી, તેની અડધી ચિંતા દૂર થઈ.

પદ્માવતીને એ અંધારામાં પણ આશ્રમની પવિત્રતાનો સ્પર્શ થયો. પદ્માવતીએ અનુભવ્યું કે, આ તપોભૂમિ છે, અહિં સાધકો વસે છે.

આશ્રમમાં નાની નાની ઘાસની કુટિરો બનાવેલી હતી. નજીકમાંથી એક હરણને જરાય ડર્યા વગર જતા જોઈને પદ્માવતીએ અનુભવ્યું કે, અહીં જીવમાત્ર પર પ્રેમ કરવામાં આવે છે.

ઘટાદાર વૃક્ષો વચ્ચે અંધારી રાતે પણ આશ્રમ જાણે દેદીપ્યમાન લાગતો હતો. એ શાંત, નિર્મળ આશ્રમમાં તો સૌ કોઈને ટાઢક થાય તેવું નિર્મળ વાતાવરણ હતું.

મધરાત વીતી ચૂકી હતી. પદ્માવતી જૈન તપસ્વીઓના આશ્રમમાં સાધક મુનિઓની નિશ્રામાં પહોંચી ચૂકી હતી.

તપસ્વી સાધકે એક કુટિર તરફ દિશાસૂચન કર્યું. પદ્માવતી નમન કરીને પોતાની કુટિરમાં પ્રવેશી પણ નિદ્રા તો ક્યાંથી આવે ?

- વિચારમાં ગરક થઈ ગયેલી પદ્માવતીને તપસ્વી સાધકે હમણાંજ આપેલો આદેશ સાંભર્યો: 'ભયને ખંખેરીને વર્તમાન પળનો આનંદ મેળવવાનો છે.' પ્રાતઃકર્મથી નિવૃત્ત થઈને ભગવાન જિનેશ્વરદેવના મંદિરમાં એ ચૈત્યવંદન કરવા ચાલી. પ્રભુની પ્રતિમામાંથી નિખરતું તેજ એને સુખનો દરિયો આપતું હોય તેવું લાગ્યું.

પ્રભાત પ્રકાશી ચૂક્યું હતું.




# 3

ચંપા એટલે ચંપા. ચંપા જેવી સોહામણી નગરી ભારતવર્ષમાં મળવી મુશ્કેલ હતી. નગરની રચના એવી અનોખી કે જનગણ ત્યાં સામેથી વસવા આવે.ખુલ્લા માર્ગો, મનોહર ઉદ્યાનો, ભવ્ય મંદિરો અને ઊંચેરા મહાલયો : નામ એવી નગરી એટલે ચંપા.

ચંપાના લોકો ય મનના મોટા. રાજા એવી પ્રજા. રાજા ય ઉદાર અને પ્રજા પણ. સંસ્કારની સૌરભ ચોદિશ ફેલાયા કરે.

પરંતુ, એક અજબ જેવી વાત. સોનાની થાળીમાં લોટાની મેખ જેવી. રાજપ્રાસાદની રચના એવી કે દેવોને ય આવીને વસવાનું મન થાય પણ એની શોભાને જાણે સદંતર નષ્ટ

કરતી હોય તેવી તેની પાસે જ એક ઝૂંપડી !

ચંપાના મહામંત્રી વસુદત્ત એકદા ચિંતામાં હતા. એમણે વિચાર્યું કે, આ ઝૂંપડી રાજમહેલની શોભા હણે છે માટે એને દૂર કરવી જોઈએ. તેમણે તપાસ કરી તો એ ઝૂંપડી હતી એક વૃદ્ધા વિધવાની. મંત્રી વસુદત્ત ત્યાં પહોંચ્યા. જઈને વિનંતી કરીઃ ''મા, નગરની કોઈ પણ જગ્યાએ આપ માંગો ત્યાં નિવાસ આપું, પણ આ ઝૂંપડીની જગ્યા અમને આપો.''

વૃદ્ધાની અશક્ત આંખોમાં આ સાંભળીને ક્રોધની લાલાશ પ્રસરી.

તેણે કહ્યું,

''હું અહીં પરણીને આવી ત્યારથી વસું છું અને અહીં માણેલાં સુખ-દુઃખની સ્મૃતિનાં સહારે જીવન વીતાવું છું. મંત્રીજી, એનો હું ત્યાગ નહીં કરું.''

''મા, આ તો વિનંતી છે અને તે પણ મહારાજાના રાજમહેલની શોભા કાજે. આપ ન સ્વીકારો ?''

કિંતુ પેલી વિધવા સ્ત્રી ન માની. મંત્રીશ્વર વસુદત્તના ચિત્તમાં આનો ખટકો રહ્યા કરતો. એમણે વાતવાતમાં મહારાજા દધિવાહનને પણ



આ કહેલું, ત્યારે દધિવાહને કહ્યું :

"મંત્રીશ્વર, એ ઝૂંપડી રાજમહેલની પાસે જ રહેવા દેજો. કેમ કે, પ્રભાતે ઊઠીને હું એનું દર્શન કરીને મારી જાતનો વિચાર કરું છું. જો મારો પુણ્યોદય ક્ષતિયુક્ત હોત તો મારી પણ આ જ સ્થિતિ ન હોત ? આ વિચાર મને અભિમાની થતાં રોકે છે, માટે તેને ક્યારેય ન હટાવશો."

મંત્રીએ તે આજ્ઞા સ્વીકારી.

પ્રજાએ જ્યારે આ વાત જાણી ત્યારે મહારાજા દધિવાહનના કીર્તિમુકુટ પર યશની કલગી ચઢી ગઈ !

આવા ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ મહારાજા દધિવાહનની પ્રજા સુખી અને સંતોષી હતી, ધર્મપ્રિય અને શાંતિપ્રિય હતી.

મહારાજા દધિવાહન એટલે ભગવાન મહાવીરના પરમ ઉપાસક. પ્રભુ મહાવીર ચંપાનગરીમાં અનેકવાર પધારતા અને ત્યારે જનસમુદાયમાં ધર્મભાવના હિલોળે ચઢતી.

દધિવાહનના રાજ્યમાં જૈનાચાર્યો અને સાધુ-સાધ્વીનાં બહુમાન થતાં, જૈન મંદિરો અને ઉપાશ્રયોનાં નિર્માણ થતાં. દધિવાહન ધર્મપ્રિય

રાજા હતો.

ચંપાનગરીના નગજનોને પણ રાજા દધિવાહન પ્રત્યે જબરો આદર અને અહોભાવ હતો. પ્રજા એને પિતા સમાન ગણતી.

આવા પિતાતુલ્ય મહારાજા દધિવાહન મહારાણી સાથે ગજરાજ પર સવારી કરીને વનવિહાર અર્થે નીકળ્યા પછી મોડી રાત સુધી પાછા ન ફર્યા ત્યારે પ્રજાને આશ્ચર્ય થયું અને સાથે સાથે કોઈ અજ્ઞાતભય એમને કોરી રહ્યો.

સૌ જાતજાતની અટકળો કરીને દુઃખની માત્રામાં વધારો કરતાં ચિંતાતુર વદને પોતાના પ્રાણપ્રિય મહારાજા અને મહારાણીની વાટ જોતાં રાત્રે મોડે સુધી જાગતાં બેઠાં, પરંતુ મહારાજા કે મહારાણીના કોઈ વાવડ પ્રાપ્ત ન થયા.

બીજે દિવસે સવારે સૈનિકોએ મહારાજા અને મહારાણીનો પત્તો મેળવવા શોધખોળ શરૂ કરી.

દિવસભર જાતજાતની શંકા-કુશંકા લોકોના મનમાં થતી રહી.

અને, લોકપ્રિય દધિવાહન નગરયાત્રાની બીજી સાંજે એકલા પાછા ફર્યા ત્યારે લોકોમાં આશ્ચર્ય ઘૂમી વળ્યું.

●●●

ઝાડની ડાળી પર લટકતા દધિવાહને મહારાણી પદ્માવતીને લઈને ભાગતા હાથીને જોયો અને કારમી ચીસ પાડીઃ ''પદ્માવતી....''

કિંતુ હાથી અવાજની મર્યાદાથી દૂર જતો રહ્યો હતો. દધિવાહનને છાતી ફાટફાટ થતી લાગી. એ સ્તબ્ધ બની ગયા. આવું બનશે તેવી તેને કલ્પના નહોતી. એને લાગ્યું કે દેહ જડ બની રહ્યો છે અને આંસુ પથ્થર !

ઝાડ પરથી ઉતરીને એ હાથીની દિશામાં દોડ્યા પરંતુ અંધારામાં પગલાં કળાતાં નહોતાં, રસ્તામાં કોઈ રાહદારી મળ્યો. એને પૂછ્યું,

''અરે, તેં કોઈ ભાગતા હાથીને જોયો ?''

રાહદારીએ કહ્યું,

''હા.''

અને દધિવાહનને આશાનો આખોય સૂરજ મળતો લાગ્યો. એણે રાહદારીના ખભા પકડી લીધા. કહ્યું,

''કહે ને, જલદી કહે, કઈ દિશામાં ગયો એ ?''

મુસાફર સમજ્યો કે આ કોઈ પાગલ માણસ લાગે છે !

દધિવાહન નિરાશ થઈને આગળ વધ્યા. આકાશમાંથી અંધારાના લીસોટા ખરતા રહ્યા ત્યારે દધિવાહનને લાગ્યું કે એના પ્રત્યેક અંશ પોતાની સાથે રૂદન કરે છે ! વૃક્ષના પાંદડે પાંદડે એને કલ્પાંત વહેતો લાગ્યો. દધિવાહન ચીસ પાડતા રહ્યાઃ ''પદ્માવતી... પદ્માવતી....'' હાથીની છાયા ક્યાંય વરતાતી નહોતી. પળે પળે દધિવાહનની હતાશા વધતી જતી હતી. ત્યાં એના ચિત્તમાં ચમકારો થયો- આમ નિરર્થક દોડધામ કરવા કરતાં નગરમાં પહોંચીને સૈનિકોને દોડાવીને તપાસ કરાવી હોય તો ?

- એ તરત પાછા વળી ગયા.

નગરમાં દધિવાહનને એકલા આવેલા જોઈને પ્રજાજનો ઉપર-તળે થઈ ગયા. શાણા મહામંત્રીએ દધિવાહનનો વ્યગ્ર ચહેરો જોયો અને કશુંક અનિષ્ટ બન્યાની એને ગંધ આવી ગઈ. દધિવાહનના પિતા અવસાન પામ્યા ત્યારે તેમણે મહામંત્રીનો હાથ પકડીને કહેલું, ''મા જેમ પુત્રનું રક્ષણ કરે તેમ તમે દધિવાહનને સાચવજો.''

મહારાજા દધિવાહનને અતિશય વ્યથિત જોઈને મહામંત્રીનું પિતૃહૃદય વિહ્વળ બની ગયું. એમણે પાસે બેસીને પૂછ્યું,

"રાજન્, શું બન્યું છે ?"

- ને દધિવાહન મંત્રીશ્વરના ખોળામાં મસ્તક મૂકીને છૂટે મોંએ રડી પડ્યા. એમનાં આંસુ જાણે શબ્દ બનીને સળગતાં હતાં ! મહામંત્રીએ કોઈ ભયાનક ઘટનાની કલ્પના કરી. ત્યાં દધિવાહનના શબ્દો સંભળાયા :

"હાથી ગાંડો થઈને ભાગી છૂટ્યો છે, પદ્માવતી એની ઉપર બેઠી છે. ઓહ...."

મહારાજા દધિવાહન સ્વસ્થતા ગુમાવતા જતા હતા, જાણે બેભાન હાલતમાં સરી પડશે એમ કળાતું હતું.

પ્રાણપ્રિય મહારાણીને ગજરાજ ગાંડોતુર બની ક્યાં લઈ ગયો હશે, મહારાણીની શું સ્થિતિ થઈ હશે, એની કલ્પના માત્રથી દધિવાહન ધ્રુજી ઉઠતા હતા. એ સાન-ભાન ગૂમાવતા જતા હતા.

મહામંત્રીની સ્થિતિ કફોડી બની રહી. મહામંત્રી ગુણવાન અને બુદ્ધિમાન હતા.

કોઈપણ રીતે રાજાની મનઃસ્થિતિ કાબૂમાં રહે તો જ રાજા દધિવાહન હોશમાં રહી શકશે તેવું તેઓ કળી ગયા હતા.

મહામંત્રી આખીય પરિસ્થિતિ સમજી ગયા. એમની વ્યથાનો પાર ન રહ્યો. જે સ્વયં અકળાયેલું હોય એ બીજાને શું આશ્વાસન આપે ? મહારાજાને એમણે કહ્યું.

"રાજન્, જ્યાં સુધી મહાદેવી પદ્માવતીના ખબર નહીં મેળવું અને તમને સમાચાર નહીં આપું ત્યાં સુધી અન્ન અને જળનો ત્યાગ કરું છું. રાજન્, કૃપા કરીને તમે સ્વસ્થ થાવ."

મહામંત્રી વાસુદત્તે ચારે તરફ તપાસ આદરી. ચુનંદા સૈન્યને ચારે બાજુ મોકલી દીધું.

માતાતુલ્ય મહારાણી પદ્માવતીની શોધમાં ચંપાનગરી ગાંડી બની ! ગામે ગામ, ખેતરો, જંગલ, નદીઓ, પહાડો મહારાણી પદ્માવતીની શોધ અર્થે ખૂંદાવા લાગ્યાં, પણ મહારાણીનો ક્યાંય પત્તો ન હતો !

સૈનિકો રસ્તે મળતા લોકોને પૂછતા : "અમારાં મહારાણી પદ્માવતીને ક્યાંય જોયાં ?"

કોઈ કહેતું કે "અમે તમારાં મહારાણીને

તો ઓળખતા નથી પણ એક સ્ત્રી આ બાજુ જતી હતી !''

- ને સૈનિકો એ મહારાણી પદ્માવતી જ હશે એવી કલ્પના કરી લોકોએ બતાવેલી દિશા દૂર સુધી ખૂંદી વળતા.

ચંપાનગરીનું જાણે સુખ છીનવાઈ ગયું છે. મહારાણીના વાવડ હજી સુધી ન મળવાથી મહારાજા દધિવાહનનું ચૈતન્ય કમજોર થતું જાય છે. રાજકાજમાં મન લાગતું નથી. મનમાં સતત રટણ ચાલે છેઃ 'પદ્માવતીનું શું થયું હશે ? ક્યાં હશે ? કેવી હાલતમાં હશે ?'....

આવા વિચારોમાં અટવાયેલા દધિવાહન દૈનિક કામકાજ પણ વીસરી જતા અને ગાઢ તંદ્રામાં સરી પડતા.

મહામંત્રીએ પોતાની શોધખોળ ચાલુ રાખી.

દિવસોના રઝળપાટ પછી કોઈએ આવીને સમાચાર આપ્યા :

''મહારાણી પદ્માવતીએ કલિંગદેશના દંતપુરમાં ભગવાન મહાવીરની સાધ્વી સંઘમાં દીક્ષા ગ્રહણ કરી છે!''

મહારાજા જડ બની ગયા !

❀ ❀ ❀

# કોઈનો લાડકવાયો

## ૪

આકાશ ગોરંભાયેલું હતું. તરસી ધરતી ધીખતી હતી. આંખમાં આંસુ ભરીને તાપસમુનિએ પદ્માવતીની દરખાસ્ત સાંભળીને એટલું જ કહ્યું :

"બેટા, કર્મની ગતિ અનોખી છે. હવે નિર્ણય કરી લે કે, કઈ દિશામાં જવાનું છે ? હું તો તાપસ છું, તને શી સલાહ આપું, દીકરી ?"

પદ્માવતીના જીવન અને મન પાનખરનાં પાનની જેમ સૂકાઈ ગયાં હતાં. મતિ મૂરઝાઈ ગઈ હતી. એણે પોતાને સવાલ કર્યો : "હવે શું કરવું છે? તાપસમુનિના આશ્રમમાં ક્યાં સુધી રહેવાશે?" મનમાં વિચારોની ધૂંધ જામી. એ નિર્ણય ન લઈ શકી. તાપસમુનિને એણે પોતાને સુરક્ષિત સ્થળે પહોંચાડવા વિનંતી કરી ત્યારે મુનિએ કહ્યું :

‘‘બેટા ! અહીંથી પચાસ કોશ દૂર દંતપુર ગામ છે. કલિંગનું એ સુપ્રસિદ્ધ ગામ. એ ગામની નજીક હું તને મૂકી જાઉં, કેમ કે કોઈ ગામમાં પ્રવેશ ન કરવો તેવી મારે પ્રતિજ્ઞા છે, ત્યાં પહોંચ્યા પછી કોઇ સદ્‌ગૃહસ્થનો આશારો શોધજે. ઉદયમાં આવેલા કર્મોને સમતાથી ભોગવજે. આત્માના ધન જેવા શીયળને સાચવજે. પ્રભુની કૃપા તારી રક્ષા કરશે.’’

પદ્માવતીએ અંજલિ જોડીને તાપસ મુનિના આશીર્વાદ ઝીલ્યા.

દંતપુર નગરની પાસે તાપસમુનિની એ વિદાય પામી ત્યારે પોતાના પિતાથી અલગ થતી હોય તેવી તેને લાગણી થઈ.

■ ■ ■

અકીકના પહાડો અને ચંદન વૃક્ષોની છાયામાં રમતા દંતપુર નગરમાં પ્રવેશતા મહારાણી એકાદ ક્ષણ ઊભી રહી, ત્યાં એની નજરે આકાશમાં ઉડ્ડયન કરતું એક સોનેરી પંખી નિહાળ્યું, મસ્ત અદાથી ઉડતું હતું એ. એકાદ ક્ષણમાં તો એ આકાશગામી પંખી ક્યાંય અલોપ થઈ ગયું, અને પદ્માવતીના ચિત્તમાં વિચારનું એક પંખી ઉડાઉડ કરવા લાગ્યું.



શું સંસાર આવો નથી ? જીવનના આકાશમાં ય સુખનું એક પંખી ઉડતું હતું અને ક્ષણવારમાં તો ક્યાંય અલોપ થઈ ગયું ! મહારાજા ક્યાં હશે, એમનું શું થયું હશે? સંસારના સંબંધો હોવા છતાંય આ માયાના નર્યા વળગણો નથી ? માયાની વિષુચિકામાં એક વખત ગબડ્યા એટલે પછી ગરક થતા જ જવું પડે. મનમાં દોહદ જાગ્યો, એનાં આ કડવાં ફળ ! શું મારા જીવે વેદનાનાં આવાં જ કડવાં ફળ ખાધા કરવાં પડશે ?

સાચું સુખ ક્યાં હશે ? સાચું સુખ. કદી ખતમ ન થાય તેવું અક્ષય સુખ. એવું સુખ ક્યાં મળે ? ભગવાન મહાવીરનું એક વચન એને યાદ આવ્યું : ‘‘સાચું સુખ તો સંપૂર્ણ કર્મના ક્ષયના અંતે મળે છે અને તે મોક્ષ કહેવાય છે.’’

પદ્માવતીને આ વચન વાગોળવું ગમ્યું. પોતાને આવું સુખ ન મળે ?

મળે. એ માટેનો પુરુષાર્થ જોઈએ. એણે પ્રતિજ્ઞાની ગાંઠવાળી - જો કોઈ ગુરુજનનો સત્સંગ મળશે તો પોતે તત્કાળ દીક્ષા લેશે !

નગરમાં પ્રવેશવા પગ ઉપાડ્યો ત્યાં સામેથી શ્વેતવસ્ત્રધારી સાધ્વીજીઓને આવતાં જોયાં. સફેદ

વસ્ત્ર જેવું જ ઉજ્જવળ મન ધરાવતા સાધકો ! પદ્માવતી નજીક સરી. ભાવપૂર્વક વંદન કરીને તેણે વિનંતી કરી :''ગુરુવર, મને દીક્ષા આપો.''

સ્થવીર સાધ્વીએ પૂછ્યું :

''બહેન, તું કોણ છે ?''

સાધ્વીઓ આ કુલીન સ્ત્રીના મુખ પર રેલાતા ભાવોથી પ્રભાવિત થઈ ગયાં હતાં. પદ્માવતીએ પોતાની સાદ્યંત કથા કહી ત્યારે સાધ્વીઓની આંખો ઊભરાઈ આવી. પદ્માવતીએ દીક્ષામાં અંતરાય ન આવે એ માટે પોતાના ગર્ભની વાત ગોપવી. આ સમયે વડીલ સાધ્વીએ સ્વસ્થ થઈને માર્મિક સવાલ પૂછ્યો :

''બહેન, તારે ચંપા નથી જવું ?''

પદ્માવતીએ ના પાડી.

''કેમ ?'' વડીલ સાધ્વીએ પૂછ્યું.

''હાથી પર રાત્રિ દરમ્યાન રઝળપાટ કર્યા પછી મારું મન મોહની પેલે પાર પહોંચી ગયું છે, હવે ભવનો રઝળપાટ ન કરવો પડે તે માટે મને સંયમ આપો. હવે ચંપા શા માટે જવું ?'' પદ્માવતીના ઉત્તરમાં વેદનાના પંકમાંથી મેળવેલા અનુભૂતિના ફૂલની સુગંધ હતી.

સાધ્વીજીએ તેને દીક્ષીત કરી. મહારાણી પદ્માવતી હવે સાધ્વી પદ્માવતી બન્યાં. કિંતુ થોડા સમય બાદ સાધ્વા સંઘમાં કોલાહલ વ્યાપી ગયો. સાધ્વી પદ્માવતી ગર્ભવતી હતી !

●●●

વયોવૃદ્ધ સાધ્વીએ સમય ઓળખ્યો.

સાધ્વી પદ્માવતીને એમણે પાસે બોલાવીને પૂછ્યુંઃ

''બહેન, આ શું છે ?''

સાધ્વી પદ્માવતીના અવાજમાં થડકાર ધબક્યો :

''ગુરુવર, દીક્ષીત થતા પૂર્વે મને ગર્ભ રહ્યો હતો પરંતુ સંયમ માર્ગમાં આ વાત અંતરાયરૂપ બનશે તેવી ભીતીથી મેં તે છૂપાવી હતી ! હવે આપ જ મારા આધાર છો. આપ કહો તે કરું.'' સાધ્વી પદ્માવતીની આંખો ઝળઝલાઈ ગઈ. પોતાનાથી થયેલા ભયંકર અપરાધ માટે એમના હૃદયમાં પશ્ચાતાપનો પાવક જલતો હતો.

વડીલ સાધ્વીજીએ પરિસ્થિતિનો દોર હાથમાં લીધો. કોઇ સમયજ્ઞ ધર્મી શ્રાવકને ત્યાં બધી વ્યવસ્થા ગોઠવી. યોગ્ય સમયે પદ્માવતીએ

પુત્રને જન્મ આપ્યો. એ પળે પદ્માવતી પુત્રની મમતાથી વશ થઈ ગયાં.

બાળકનો પોતાની કૂખે જન્મ થાય એ માતાનું જીવન ધન્ય બની જાય ! દરેક માતા વાત્સલ્યમયી હોય છે. પોતાનાં સંતાનોને એ પોતાની ઉરની અભિલાષા વડે પોષે છે. સાધ્વી પદ્માવતી પણ મમતામયી મા બની હતી આજે.

માતા પદ્માવતી પોતાના પુત્રના મુખ સામે જોઈને ઘડીભર ડગમગે છે, કારણ હવે પદ્માવતી સાધ્વી છે. સાધ્વીને સંસારનાં મોહબંધનો જકડી શકે નહિ. સંસારનાં સંબંધોની માયાજાળ છોડવી પડે. સાધ્વી પદ્માવતીએ નવજાત શિશુને દુગ્ધપાન કરાવ્યું. માતાએ પુત્રને પ્રેમથી ગોદમાં લીધો. પુત્રને વહાલ કર્યું, હૈયાના હેતથી ચૂમી લીધો.

પદ્માવતીએ પુત્રને પ્રારબ્ધને આધારે છોડી દેવાનો નિર્ધાર પાકો કરી લીધો હતો. પદ્માવતી હવે સાધ્વી હતી, પુત્રમોહમાં જકડાઈને પોતે પતિતા થવા ઇચ્છતી ન હતી, એણે માના હૈયાને સાધ્વીના નીતિ-નિયમો વડે કઠણ બનાવ્યું.

પદ્માવતીએ સંસારનાં સર્વ બંધનો ખંખેરી નાખ્યાં હતાં, તે ઊભી થઈ અને અત્યાર સુધી

સાચવી રાખેલી રત્નકંબલમાં પુત્રને વીંટાળ્યો. તેની કોમળ આંગળીમાં દધિવાહનના નામની મુદ્રિકા પહેરાવીને સ્મશાનમાં નિર્જન કાંઠે એને છોડી દીધો.

નગરના પાદરમાં સ્મશાન, તેનો એક રખેવાળ. જન્મે ચાંડાળ. નિષ્ઠાથી પોતાનું કાર્ય કરે અને જીવન ગુજારે.

આકાશમાં પ્રભાત કંકુની રંગોળી પૂરતું હશે ત્યાં તેણે કોઈક બાળકના રૂદનનો અવાજ સાંભળ્યો. એ દિશામાં જઈને તેણે જોયું તો એક નોધારું બાળક રડતું હતું ! ચાંડાળે સ્નેહથી તેને હાથમાં લીધું, આસપાસ કોઈ જોતું નથી તેની ખાત્રી કરીને પોતાના ઘર તરફ દોટ મૂકી. પત્નીના ખોળામાં હર્ષથી ઉભરાતા હૃદયે બાળકને મૂકીને તેણે કહ્યું :

"પ્રભુએ આપણને આ દીકરો આપ્યો, જો તો ખરી, કેવો સુંદર છે !"

ચાંડાળ પત્નીએ બાળકને પ્રેમથી ઊંચકીને ચૂમ્યું, "આપણો પુત્ર !"

પદ્માવતીએ ઉપાશ્રયમાં આવીને વડીલ સાધ્વીને કહ્યું : "મને પુત્ર જનમ્યો હતો. મેં તેને

સ્મશાનના કાંઠે છોડી દીધો છે.''

વડીલ સાધ્વીને રાહત થઈ.

થોડાક દિવસ પછી પદ્માવતી ફરી મમતાવશ માતા બની ગઈ.

એક માતાનું હૈયું પુત્રને નીરખવા તલસતું હતું. પોતાના બાળકને સ્મશાનમાં છોડી દીધા પછી એના શું હાલહવાલ થયા હશે એની કલ્પનાએ ચડતાં માતાના સ્તનમાંથી અમૃત વહેવા લાગતું અને પદ્માવતી પોતાના પુત્રનું દર્શન કરવા અધીરી બની જતી.

પરંતુ માતા પદ્માવતી હવે સાધ્વીવેશે હતી. પોતાનો સાથી ધર્મ ખંડિત ન થાય તે રીતે જીવવાનું એનું કર્તવ્ય હતું અને એ કર્તવ્યની યાદ આવતાં પદ્માવતી મમતાના તરંગે ચડેલા મનને વારવા મથતી. એ એક તરફ મમતામયી મા હતી તો બીજી તરફ ભગવાન મહાવીરને શરણે દીક્ષિત થયેલી સાધ્વી.

પદ્માવતીના મનમાં સતત રટણ ચાલતું હતું કે, પોતાનો પુત્ર ક્યાં હશે ? એક દિવસ એણે સ્મશાન તરફ જઈને જોયું તો પોતાનો બાળક ચાંડાળના ઘરે ઉછરતો હતો ! ભાગ્યની

આ અટપટી રમત જોઈને એની આંખમાંથી આંસુ ઝર્યું. બાળક તરફ પ્રસન્ન નજરે તેણે જોયું અને તે પાછી વળી ગઈ.

હવે એ સાધ્વી પદ્માવતી હતી. ભગવાન મહાવીરના ચરણોમાં તપસ્વીવ્રત લઈ સંસારનાં મોહમાયા ત્યાગનારી પદ્માવતી હતી.

કેવા સંજોગોમાં પોતે સંસાર ત્યાગ કર્યો તેની યાદ આવતાં મનને પાછું વાળી લઈ પોતાના નિત્યક્રમમાં ગોઠવાઈ જતી પદ્માવતી પુત્રની વાત્સલ્ય ઝરતી યાદમાં ક્યારેક ખોવાઈ જતી.

પોતાનો વહાલસોયો પુત્ર - ચંપાનગરીની રાજગાદીના વારસદારને એક ચાંડાલને આશરે છોડ્યો છે. એવી માનસિક લાગણીમાં તણાઈ જતી પદ્માવતી અચાનક સભાન બની જતી.

એ વાત્સલ્યમયી માતાએ પુત્રને વીસારવા માંડ્યો. ચાંડાલના ઘર તરફ નજર નાખવાનું સુદ્ધાં છોડી દીધું.

મહાન સાધ્વી પદ્માવતી પોતાના ધ્યેયમાં અડગ છે. ભગવાન મહાવીરને શરણે આવેલી પદ્માવતીની તપસ્યાનાં તેજ ચોમેર પ્રકાશવા લાગ્યાં છે. સાધ્વી પદ્માવતી પોતાના સાધ્વીવૃંદ

સાથે શાસ્ત્ર વાચન કરી લોકો સુધી ભગવાન મહાવીરનો સંદેશ પહોંચાડી રહ્યાં છે.

સાધ્વી પદ્માવતીના મુખ પર તેજ ઉભરાયું છે, જાણે સાક્ષાત અહિંસાની દેવી ! માની વત્સલતા એમની વાણીમાં વહે, ભગિનીનો સ્નેહ એમના આચરણમાં ઝરે; એવાં સાધ્વી પદ્માવતીના દર્શનથી લોકો પોતાને ધન્ય સમજવા લાગ્યા છે.

ભોગ-વિલાસ ને મહેલોમાં રાચનારી પદ્માવતીના દેહ પર સંયમ અને સાધનાની ગરિમા ઉપસી છે. કઠિન સાધના વડે પદ્માવતી પોતાના શરીરને કસાવી રહી છે. સંયમ વડે પોતાના આત્માને ઉત્કૃષ્ટ બનાવી રહી છે. પદ્માવતીની દૃષ્ટિ ભગવાન મહાવીરના ચરણોમાં છે.

કેટલોક સમય વીત્યો. એક દિવસ પોતાના સાધ્વી સંઘ સાથે પદ્માવતીએ ત્યાંથી વિહાર કર્યો.

# ચમત્કારી વાંસ

## ૫

વહાલના દરિયા જેવા માતા-પિતાએ બાળકનું નામ રાખ્યું અવવર્ણિક.

કાળના અનંત પ્રવાહમાં સમય અવનવું ચિત્રાંકન કર્યે જતો હતો. અવવર્ણિકે સમયના વીતવા સાથે પોતાનાં પરાક્રમ વધાર્યાં. અનેક પ્રકારની કસરતો શીખીને તે તૈયાર થઈ ગયો. એની મેધા પણ તીવ્ર હતી. એને દેહ પર સતત ખણ આવ્યા કરતી. બાળકો સાથે લડાઈ કર્યા પછી તેમને સજા પોતાના શરીર પર ખણવાની કરતો. લોકોએ આથી તેનું નામ કરકંડુ રાખી દીધું.

માતંગનું નાનકડું ઘર, પણ અત્યંત વ્યવસ્થિત. માતંગના ઘરમાં શોભા તો શેની હોય?

તો ય, તેના ઘરમાં કરકંડુના આગમન પછી આનંદ પ્રસર્યો હતો.

કરકંડુએ બાળવયમાં જ પિતાનું સ્મશાનરક્ષાનું કાર્ય સંભાળી લીધું, હાથમાં દંડ લઈને એ સ્મશાનની રક્ષા કર્યા કરતો. મા એને પૂછતી - ''બેટા ! તને ડર નથી લાગતો ને ?'' ત્યારે એ કહેતો - ''મા, લોકો મારાથી ડરે છે!''

એક વાર સ્મશાન પાસેથી બે જૈન મુનિઓ પસાર થતા હતા. સ્મશાનના પ્રવેશદ્વાર પાસે જ મુનિએ એક વાંસ ઉગેલો જોયો-તેમણે પોતાની સાથે ચાલતા મુનિને એ વાંસ તરફ જોઈને કહ્યું,

''એમ લાગે છે કે, આ વાંસ ચમત્કારી છે. આ વાંસ ચાર આંગળ લાંબો થયા પછી જેની પાસે હશે એને રાજગાદી મળશે !''

મુનિઓ તો નિઃસ્પૃહભાવે ચાલ્યા ગયા, પરંતુ તેમની પાસેથી કોઈ બ્રાહ્મણ કિશોર પસાર થતો હતો તેણે આ વચન સાંભળ્યું. સ્મશાનના ઝાંપા પાસે ઊભેલા કરકંડુએ પણ આ વચન સાંભળ્યું. બંનેએ એક સાથે પેલા વાંસ તરફ જોયું. ચમત્કારી વાંસ ! પણ એની અસર ચાર



આંગળ વધે પછીથી થાય ! બંનેને થયું. બંને પ્રતીક્ષા કરતા રહ્યા. પરંતુ બ્રાહ્મણ કિશોરની ધીરજ ન રહી. તેણે વાંસને મૂળ સાથે ઉખાડી લીધો. એ જ વખતે કરકંડુએ તેને પકડ્યો. એની પાસેથી વાંસ ઝૂંટવવા ગયો પણ પેલા કિશોરે ન છોડ્યો ત્યારે કરકંડુએ મારીને તે લઇ લીધો !

અને નગરમાં તોફાન મચી ગયું ! આ તો અપમાન ! બ્રાહ્મણ કિશોરનું નહીં, બ્રાહ્મણ જાતિનું અપમાન !

અસ્પૃશ્ય ગણાતો ચાંડાળ બાળક બ્રાહ્મણના બાળકને મારે ? બ્રાહ્મણ તો ઉચ્ચ ગણાય. આવું કેમ સાંખી લેવાય ? રડતા રડતા દોર ગયેલા બ્રાહ્મણ બાળકની વાત સાંભળી બ્રહ્મસમાજમાં મોટો ઉહાપોહ થયો.

ચાંડાલના સ્પર્શમાત્રથી અપવિત્ર થવાય એવી ભાવના પ્રવર્તમાન હોય ત્યારે, આ તો ચાંડાલ બાળકનો માર ખાવાની વાત હતી ! આવું અપમાન બ્રહ્મસમાજ કેવી રીતે સહન કરે ?

બ્રાહ્મણો સ્મશાનમાં પહોંચ્યા. કરકંડુ પોતાની ફરજમાં લાગી ગયો છે. કાળઝાળ થયેલા

બ્રાહ્મણોએ કરકંડુને ખૂબ માર માર્યો. કરકંડુએ પ્રતિકાર કર્યો, પણ આ તો ટોળું હતું ! રોષે ભરાયેલા નગરના લોકોએ રાજા પાસે જઈ ન્યાય માગવા વિચાર્યું.

નગરના લોકો કરકંડુને પકડીને મહારાજા પાસે લઈ ગયા ત્યારે મહારાજા આશ્ચર્યમાં ડૂબી ગયા ! એક વાંસના કટકા માટે આટલું બધું તોફાન ! એમણે કહ્યુંઃ

"ભાઈ, તેં આમ શા માટે કર્યું ?"

કરકંડુએ સમગ્ર વાત કહેતાં કહ્યું :

"રાજન્, મારા સ્મશાનમાં એ વાંસ દરવાજા પાસે ઉગેલો હતો અને તેના વડે મારે સ્મશાનનો સુંદર કમાનવાળો દરવાજો બનાવ-વાની ઈચ્છા હતી. વળી, હું સ્મશાનનો રક્ષક હોવાથી વાંસ પર મારો અધિકાર છે. એને હું ચોરવા કેમ દઉં ? એના પર તો મારો હક્ક છે અને આતો બ્રાહ્મણ થઇને ચોરી કરે છે, એને સજા થવી ઘટે !"

કરકંડુના ઉત્તરથી મહારાજા પ્રસન્ન થઈ ગયા ! એમને લાગ્યું કે, કરકંડુના ઉત્તરમાં સચ્ચાઈ અને ખુમારી બંને છે. એમણે કહ્યું :

"'કરકંડુ, આ વાંસ તું રાખ. પરંતુ તું જ્યારે કોઈ દેશનો રાજા થાય ત્યારે એક ગામ આ કિશોરને ભેટ આપજે.''

''જેવી આજ્ઞા.'' તેણે કહ્યું.

એ ન્યાયપ્રિય રાજાએ તોળેલો ન્યાય હતો. ચાંડાલ બાળકને સજા કરવાને બદલે રાજાએ શાબાશી આપી હતી ! આને કારણે બ્રહ્મસમાજ અને નગરજનોમાં રોષ ફેલાયો હતો.

રાજાએ ચાંડાલ બાળકની સચ્ચાઈ, ખુમારીને પીછાણ્યાં હતાં. એની સત્યપ્રિય વાણીથી રાજા મુગ્ધ થયો હતો. 'વાંસ જેની પાસે હશે તે રાજા બનશે.' એવું ભવિષ્યકથન સાંભળી રાજાએ મનમાં વિચારેલું : 'કદાચ એ ચાંડાલ બાળક રાજા થાય તો પણ એનામાં રાજા થવાના ઉત્તમગુણો કેળવાયેલા છે, જ્યારે બ્રાહ્મણ બાળકે બળજબરીથી એ વાંસ લેવા પ્રયત્ન કર્યો, ચાંડાલ બાળકને માર માર્યો-આવો રાજા થાય તો પ્રજાની શી વલે થાય ?'

રાજાએ સાચો ન્યાય આપ્યો હતો.

રાજાએ કરકંડુમાં રાજા થવાના ગુણો જોયા હતા. રાજાને થયું :

"આ ભવિષ્યકથન જરૂર સાચું પડો."

કિંતુ નગરમાં તોફાન ચાલતું હતું. કરકંડુને મારી નાખવા માટે લોકોમાં ઉશ્કેરાટ હતો. કરકંડુના માતા-પિતાને લાગ્યું કે, હવે અહીં રહેવામાં જોખમ છે, કરકંડુને આ લોકો હવે નહીં છોડે. દૈવયોગે પ્રાપ્ત થયેલ પુત્રરત્નને ગુમાવવું પડશે એના કરતાં અહીંથી દૂર-અતિદૂર ચાલ્યા જવું જોઈએ.

ચાંડાલ માતંગે ઘરવખરી સમેટવા માંડી. અને એક મેઘલી રાતે અંધાર પછેડી ઓઢીને માતા-પિતા સાથે કરકંડુએ દંતપુર નગરનો ત્યાગ કર્યો. માતંગ ચાંડાલનો એક મિત્ર કલિંગમાં રહેતો હતો. માતંગે વિચાર્યું કે, 'મિત્રની પાસે જઈશ તો મારા કરકંડુનો કોઈ વાળ વાંકો નહીં કરી શકે.' અને એ પોતાના પુત્રને લઇને કલિંગની રાજધાની કંચનપુર તરફ સુરક્ષિત સ્થળે રહેવા ચાલ્યો.

કરકંડુએ પેલો વાંસનો દંડ હાથમાં મજબૂતપણે પકડી રાખ્યો હતો.




## ૭

કંચનપુર કલિંગની રાજધાની. મન અને તનથી ઉજળા લોકો ત્યાં વસે. સમૃદ્ધિ અને સુખનું નગર. પરંતુ આજે ત્યાં સન્નાટો છવાયો હતો. કંચનપુરના દેવ જેવા મહારાજાનું અવસાન થયું હતું.

કંચનપુર નગરી. સમૃદ્ધિમાં રાચતું શહેર. મહેનતુ માણસને રોટલો ને ઓટલો આપતું શહેર. સદાય ધમધમતું રહેતું કંચનપુર આજે મ્લાન જણાતું હતું !

હા, આજે કલિંગના મહારાજાનું અવસાન થયું હતું. કંચનપુર નગરી મહારાજાને ભગવાન સ્વરૂપે નિહાળતી, દેવ માનીને પૂજતી. એવા પ્રજાવત્સલ રાજાનું અચાનક ટૂંકી માંદગીમાં અવસાન થયું હતું.

થોડા સમય પૂર્વે મહારાણી પણ આ દુનિયા છોડી સ્વર્ગે સીધાવી ગયાં હતાં. મહારાજાને કોઇ વારસદાર ન હતો !

મહારાજાનો સુઘડ વહીવટ, પ્રજાની ભલાઈનો વિચાર અને દીર્ઘદૃષ્ટિને કારણે કંચનપુરનો વિકાસ થયો હતો.

આવા મહારાજાનું પરલોક ગમન થયું હોવાથી મંત્રીઓ અને પ્રજાજનો વિમાસણમાં હતા. મહારાજા તો મૃત્યુ પામ્યા, પરંતુ પરિવારમાં એમને કોઈ નહોતું. હવે રાજા ચૂંટવો કોને ?

સહુએ પરીક્ષા કરીને રાજા ચૂંટવાનો નિર્ધાર કર્યો.

માતા-પિતાની સાથે પ્રવાસ ખેડતો કરકંડુ વર્ષો પછી કંચનપુરમાં પ્રવેશતો હતો ત્યારે એણે ઢંઢેરો પીટાતો સાંભળ્યો :

‘‘મહારાજાનું અવસાન થયું છે. રાજ્યપદનો જે ઉત્સુક હોય તેને પરીક્ષાથી ચૂંટવાનો મંત્રીઓએ નિર્ણય કર્યો છે. જે વ્યક્તિ ઈચ્છુક હોય તે અક્ષયતૃતીયાના દિવસે રાજ-દરબારમાં ઉપસ્થિત રહે.’’

કરકંડુએ આ સાંભળ્યું. જાણે તેને પોતાને કોઇક રાજ્ય આપી રહ્યું હોય તેવી લાગણી થઈ. તેણે કહ્યું :



''પિતાજી, આપણે ઉપસ્થિત રહીશું.''

કરકંડુના માતાપિતાના દેહમાંથી આ સાંભળીને કંપ પસાર થઈ ગયો. પુત્રનાં પરાક્રમ તેઓ જાણતા હતા. શું અહીં પણ દંતપુરનું પુનરાવર્તન થશે ?-એમને ભીતી લાગી.

કિંતુ કરકંડુ મક્કમ હતો. તેણે અક્ષય-તૃતીયા આવે તે પૂર્વે દેહ અને દિમાગને કેળવવા માંડ્યાં. મનને દૃઢ બનાવી લીધું. આ જગતમાં પોતે અજેય છે તેવો વિશ્વાસ કેળવતો રહ્યો.

અક્ષયતૃતીયા આવી પહોંચી.

નિશ્ચત થયેલા સમય પહેલાં આખો રાજદરબાર ભરાઈ ગયો હતો ! કરકંડુ પણ એના પિતા સાથે આવ્યો હતો. શણગારેલા રાજ-દરબારમાં સિંહાસનની બાજુમાં ઊભા રહીને મહામંત્રીએ ઘોષણા કરી :

''સજ્જનો ! આ ક્ષણે બધુંય અહીં ઉપસ્થિત છે, માત્ર એક ખોટ સાલે છે - મહારાજા હાજર નથી ! તેઓ માત્ર રાજવી નહોતા, મહાન મનુષ્ય પણ હતા. એ વિચક્ષણ રાજવીની જગ્યાએ યોગ્ય વ્યક્તિ નીમવા માટે અમે કેટલીક શરતો નક્કી કરી છે :

- નગરની કોઈ પણ વ્યક્તિ અશ્વ ઉપર સવાર થઇને આખું સરોવર કૂદી જાય.

- ત્યારબાદ કેટલાક બૌદ્ધિક પ્રશ્નો એ ચૂંટાયેલા ઉમેદવારોને પૂછવામાં આવે અને જે બંનેમાં સફળ થાય તેને રાજમુકુટ પહેરાવવામાં આવશે. આ સ્પર્ધામાં નગર બહારની વ્યક્તિ પણ ભાગ લઈ શકશે.''

રાજ્યપદની ઉમેદવારી ! અનેક નગરજનો આગળ આવ્યા. સહુએ પોતપોતાનો અશ્વ સંભાળ્યો. રાજમહેલની પાછળ આવેલા વિશાળ અને સુંદર સરોવરને કૂદી જવાનું હતું ! કેટલોક સમય વીત્યા પછી માત્ર ત્રણ જ ઉમેદવાર એમાંથી પસાર થયા ત્યારે એક તરફ ખૂણામાં ઊભેલો કરકંડુ મૂંઝવણમાં પડ્યો હતો, એની પાસે અશ્વ નહોતો ! મંત્રીશ્વર પાસે જઈ એણે વિનંતી કરી કે, મને પણ અશ્વ આપો તો હું મારી યોગ્યતા પૂરવાર કરી બતાવું. મંત્રીએ તે સગવડ કરી આપી.

અને કરકંડુએ અશ્વ કૂદાવ્યો. પૂરા આત્મવિશ્વાસ સાથે એ સ્પર્ધામાં ઝૂકાવતો હતો અને તેનો વિશ્વાસ ફળ્યો - બીજી જ ક્ષણે તે સરોવરના સામા કિનારે હતો ! નગરજનોએ આનંદરવથી આ અજાણ્યામાનવીને વધાવ્યો !

બીજી સ્પર્ધામાં માત્ર ચાર ઉમેદવારો જ હતા.

મંત્રીશ્વરે ચારેયને સવાલો કર્યા. તમામ ઉમેદવારો ઉત્તર આપતા રહ્યા. મંત્રીશ્વરે છેલ્લો સવાલ પૂછ્યો :

''રાજ્ય પર શાસન કઈ રીતે કરશો ?''

પ્રથમ ત્રણ ઉમેદવારો ઉત્તર આપી રહ્યા ત્યારે કરકંડુએ પ્રજ્ઞાની ઝલક બતાવી :

''રાજ્ય નામના હસ્તિને નીતિના અંકુશથી દયાની અંબાડી ચઢાવીને યથા સમયે બુદ્ધિ અને બાહુબળના ઉપયોગપૂર્વક સિંહાસન પર બિરાજીને હું અનુશાસન કરીશ !''

મંત્રીએ આ અજાણ્યા યુવકને ઊંચકી લીધો ! તેમણે કરકંડુની યોગ્યતા સ્વીકારી હતી. ચારે તરફ જયનાદ ગૂંજતો હતો. માતા-પિતાને પ્રણામ કરીને સિંહાસન પર બેઠા પછી કરકંડુએ ઉદ્ઘોષણા કરી :

''આજથી આ દેશમાં ગરીબોનો બેલી રાજ બનશે, નોંધારાનો આધાર અને ભયભીતનો રક્ષક રાજ બનશે. શાસન પ્રજાનું હિત જોશે અને પ્રજા શાસનની ઢાલ બનશે !''

આજે ભવિષ્યવાણી ફળી હતી. મુનિઓનું કથન સાચું પડ્યું હતું. કરકંડુએ એ વાંસને જતનથી પોતાની પાસે સાચવી રાખ્યો હતો.

કેવા વિધાતાના ખેલ !

મહારાણી પદ્માવતીની કૂખે અવતાર ધારણ કરી ક્ષુદ્રમાં પણ ક્ષુદ્ર ગણાતા ચાંડાલના ઘેર ઉછરીને કરકંડુ કલિંગદેશનો રાજા બન્યો !

આત્મવિશ્વાસથી છલકાતો કરકંડુ કલિંગનો મહારાજા બન્યો હતો ! કરકંડુ ભલે ચાંડાલના ઘેર ઉછર્યો હતો પરંતુ એ મહારાજા દધિવાહન અને મહારાણી પદ્માવતીનો પુત્ર હતો. એની નસોમાં રાજવંશનું લોહી વહેતું હતું.

મહારાજા કરકંડુએ પ્રજાવત્સલ બની રાજ્ય વહીવટ ચલાવવા માંડ્યો. ક્યારેક વેશપલટો કરી પ્રજાની વાતો સાંભળતો અને પોતાના રાજ્ય વિશે જાત માહિતી મેળવી નિર્ણય લેતો.

પ્રજાજનોને લાગ્યું કે, એમને માત્ર રાજા નહિ, કોઈ દેવ જેવો મનુષ્ય મળ્યો છે. મહારાજા કરકંડુની શાન સૂર્યનાં કિરણોની જેમ ચોપાસ ઝડપથી ફેલાઈ ગઈ !

સમય વર્ષોની મજલ કાપતો હતો.

* * *

# ધરતીનું ધાવણ

## ૭

વનવિહાર કરતા મહારાજા કરકંડુએ કારમી ચીસ સાંભળી. તે ઊભા રહી ગયા. અવાજની દિશામાં એમણે જોયું, કશું કળાયું નહીં. ફરીથી ચીસ સંભળાઈ અને એમણે દોટ મૂકી - જોયું તો કેટલાક યુવકો એક રૂપસુંદર યુવતીને ઢસડી રહ્યા હતા.

કરકંડુએ તલવાર ખેંચી. પેલા યુવકોએ આગંતુકને મહારાજા કરકંડુ તરીકે ઓળખ્યા અને તેઓ નાઠા. યુવતીની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં. કરકંડુએ પૂછયું :

''ભદ્રે, તું કોણ છે ?''

યુવતી મૌન રહી.



કરકંડુએ ફરી પૂછ્યું ત્યારે યુવતીએ સ્વસ્થ થતાં કહ્યું :

"હું નગરશેઠની પુત્રી છું !"

"હેં !" - કરકંડુના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યોઃ "આ બધું કેવી રીતે બન્યું ?"

યુવતીના અવાજમાં આંસુની ભીનાશ તરતી હતી. તેણે કહ્યું :

"હું ઉદ્યાન તરફ જઈ રહી હતી ત્યારે મારી સખી મને આ તરફ બોલાવે છે તેમ કહીને એક માણસ મને આ બાજુ લઈ આવ્યો. આ નરાધમોની આંખમાં વાસનાની આગ સળગતી હતી, તેની જાણ મને થઇ ગઇ પણ હું નિઃસહાય બની ગઇ હતી. મારી સખીઓ તો ક્યાંય દૂર હતી. મેં એ લોકોથી છૂટવા ખૂબ હવાતીયાં માર્યા; પણ ચાર-પાંચ પિશાચ સામે હું લાચાર બની ગઇ. એ લોકો મને અહીંથી દૂર લઇ જવા ઇચ્છતા હતા. મેં બૂમો પાડવા માંડી અને એ જ પળે તમે આવી પહોંચ્યા !"

કરકંડુએ કહ્યું :

"બહેન ! જીવનની રક્ષા કરવી અને વિજળીને હાથમાં લેવી બંને સરખા છે ! હવે

સંભાળીને ચાલજે. ચાલ, હું તને તારા નિવાસે મૂકી જાઉં.''

એ યુવતીને મૂકીને મહારાજા કરકંડુ રાજમહેલમાં પહોંચ્યા ત્યારે અનુચરે સંદેશો આપ્યો : ''દંતપુરથી કોઇ બ્રાહ્મણ આપને મળવા આવ્યો છે.''

● ■ ● ■

''મિત્ર, તમે એ જ બ્રાહ્મણ કિશોર તો નહીં કે એક વાંસના ટૂકડા માટે આપણે લડેલા ?'' કરકંડુએ પૂછયું ત્યારે આગંતુક બ્રાહ્મણ હેરત પામી ગયો : આ વ્યક્તિને મહારાજા થયા પછી પણ પોતાની સ્મૃતિ છે ! દિવસો પહેલાં એણે સાંભળ્યું કે, જેની સાથે વાંસના ટૂકડા માટે મોટું તોફાન થયેલું તે તો ખરેખર મહારાજા બની ગયો છે ! તેને વચન યાદ આવ્યું : એ રાજા થાય ત્યારે પોતાને એક ગામ ભેટ આપશે !

અને એ કલિંગ તરફ ચાલી નીકળ્યો હતો. વહેલું આવે કંચનપુર. ન જોઈ ભૂખ, ન જોઇ તરસ, કંચનપુરના રાજદરબારમાં પહોંચ્યો ત્યારે કરકંડુએ વર્ષો પછીય તેને ઓળખી કાઢ્યો, તેણે કહ્યું,

''હું તે જ બ્રાહ્મણ છું. પણ ત્યાંનો ત્યાં જ છું અને તમે મહારાજા થઇ ગયા !''

''દંતપુરના મહારાજાની આજ્ઞાથી મેં જે વચન આપ્યું હતું તે મને યાદ છે. બોલો, કયું ગામ બક્ષીસ કરું ?''

બ્રાહ્મણ કરકંડુની વચનપ્રિયતાથી પ્રભાવિત થઇ ગયો :

''રાજન્, હું મૂળ તો અંગ દેશનો વાસી. ચંપાનગરી પાસેનું સિદ્ધપુર મારું ગામ. જો એ ભેટ મળે તો મને માદરે વતનમાં વસવા મળે.''

''સિદ્ધપુર ? એ તો મહારાજા દધિવાહનની રાજ્યસીમામાં છે !''

દરબારમાં બેઠેલા મંત્રી પાસે મહારાજા કરકંડુએ આ પ્રશ્ને સલાહ માંગી ત્યારે મંત્રીએ કહ્યું:

''આપણે મહારાજા દધિવાહનને વિનંતી કરતો પત્ર લખીએ કે, તેઓ આ બ્રાહ્મણને સિધ્ધપુર બક્ષીસ આપે અને એટલી જ જમીન આપણી રાજ્ય સીમામાંથી માંગી લે.''

કરકંડુએ પત્ર તૈયાર કરાવ્યો, બ્રાહ્મણને સોંપ્યો. બ્રાહ્મણ ચંપા તરફ ચાલ્યો.

ઋતુરાજ વસંતે પૃથ્વી પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે.

મહારાજા દધિવાહન મંત્રણા ખંડમાં બેઠા છે. શિર પર શોભતા કેશમાં શ્વેત લકીર આવી છે. સમયની થપાટે તેમના દેહ પર વયના ઘા ઉપસાવ્યા છે. કિંતુ એમના પ્રતાપી મુખ પર કોઈ અપૂર્વ ગરિમા શોભી રહી છે.

મંત્રી કહેતા હતાઃ "રાજન, હજીય મારી વિનંતી સ્વીકારો...."

દધિવાહનના મુખ પર ભૂતકાળની સ્મૃતિ અંકાઇ : મહારાણી પદ્માવતીના ગયા પછી સમગ્ર જીવન ઘેરા શૂન્યાવકાશથી ભરાઈ ગયું હતું. એક વખત ખબર મળ્યા હતા કે તેમણે દીક્ષા લીધી છે પણ પછી કોઇ વાવડ નહોતા. ત્યારથી મહામંત્રી અને અગ્રણી નગરજનો વિનંતી કરતા હતા કે, પોતે લગ્ન કરે ! મહારાજા ના પાડતા રહ્યા તેમ તેમ વિનંતી વધતી રહી. મંત્રીશ્વર પુનઃ તે જ કહી રહ્યા હતા.

તેઓ મૌન રહ્યા.

મંત્રીએ પુનઃ કહ્યું : "રાજન્, હજુ આપની

વય મોટી નથી થઇ ગઇ અને રાજકુળમાં તો અનેક લગ્નનો વ્યવહાર હોય છે. આપ માનો....''

''હું એક પ્રશ્ન પૂછું ?''

''આપે પ્રશ્ન કરવાનો ન હોય, આજ્ઞા કરવાની હોય, કહો.''

મહારાજા ઊભા થયા. ખંડમાં લટકતી મહારાણી પદ્માવતીની તસ્વીર પાસે થોડીક ક્ષણો થોભ્યા અને કહ્યું:

''મંત્રીશ્વર, સ્ત્રી-પુરુષનાં લગ્ન એ શું માત્ર દૈહિક લગ્ન છે કે વફાદારીની પ્રતિજ્ઞા ?''

મંત્રી વિસ્મયથી સાંભળી રહ્યા.

''મંત્રીશ્વર, એક કલ્પના કરો - મારું મૃત્યુ થયું હોત તો પદ્માવતી પુનઃ લગ્ન કરત?''

મંત્રીનું વિસ્મય વધ્યું. એમને વાત શો વળાંક લે છે તે સમજાતું નહોતું.

''ઉત્તર તો આપો, મહામંત્રી, તમે તો વડીલ છો. શું એ લગ્ન કરત ?''

''ના.'' મંત્રીનો સ્વર કંપ્યો.

''કેમ ?''

''કેમ કે -''

મહારાજા દધિવાહનના ચહેરાની રેખાઓ તંગ થઇ ગઇ. એમણે કહ્યું :

"મંત્રીશ્વર, તમે શું કહેશો તે હું જાણું છું. તમે કહેશો કે, સ્ત્રીનો એ ધર્મ છે તો શું પુરુષનો કોઈ ધર્મ નથી ? લગ્ન એટલે ભોગ નહીં, લગ્ન એટલે ત્યાગ ! અન્યોન્યના થઈને ઉજળું જીવન જીવવાનો અભિલાષ ! લગ્નનો જો આવો અર્થ હોય તો બંનેના ધર્મ સમાન હોય ! મારાથી પુનઃ લગ્ન ન થાય ! અને -"

ખંડની હવા પલટાઈ : મંત્રીને લાગ્યું કે, મહારાજાનો આ માત્ર જવાબ નથી, એમના સમર્પણની અદ્ભુત કવિતા છે ! એમના કાને શબ્દો અથડાયા :

"અને મંત્રી વસુદત્ત, શું તમારો આત્મા ગવાહી પૂરે છે કે પદ્માવતી મૃત્યુ પામી છે ?"

મહારાજાની આંખમાં આંસુ છબ્યાં. એ જમીન પર બેસી પડ્યા. મંત્રીની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં. એમને પસ્તાવો થતો હતો - મેં આ વાત ક્યાં ઉખેળી ? એમણે કહ્યું :

"રાજન્, તમે શાંત થાવ અને મને ક્ષમા કરો. મહારાણી પદ્માવતીએ દીક્ષા ગ્રહણ

કરી તેવા સમાચાર આપણને મળ્યા હતા.''

''કેવી સુંદર વાત !'' મહારાજા દધિવાહને કહ્યું: ''હું તો ચારિત્ર્ય નથી લઈ શકતો પણ તેઓ આ સુંદર આરાધના કરી રહ્યાં છે. મંત્રીશ્વર, હું રોજ તેની અનુમોદના કરું છું.''

મહારાજા વ્યોમ તરફ નિહાળી રહ્યા. તેઓ અંતરમાં ઉતરે જતા હતા. મંત્રી મહારાજાની આ અંતરદશાથી પરિચિત હતા. તેમણે ખલેલ ન પહોંચાડી.

ત્યાં દરવાજે ટકોરા પડ્યા.



# ૮

''કોણ ?'' મહામંત્રીએ પૂછયું.

અનુચર મંત્રણાખંડમાં આવ્યો. તે બોલ્યોઃ

''કલિંગથી કોઈ બ્રાહ્મણ આવ્યો છે અને મહારાજાની મુલાકાત ઈચ્છે છે. કહે છે કે, અગત્યનું કાર્ય છે.''

''એને આવવા દે'' - મહારાજાએ કહ્યું. એ સ્વસ્થ થઇ ગયા હતા. કર્તવ્ય એમને મન જીવન કરતાંય અધિક હતું.

બ્રાહ્મણે આવીને મહારાજા કરકંડુનો પત્ર તેમના હાથમાં મૂક્યો. દધિવાહને તે વાંચ્યો અને તેમના અવાજમાં આગ આવી ગઈ :

''આ શું લઈને આવ્યા છો ?''

રાજા દધિવાહનનો ક્રોધ જોઇને બ્રાહ્મણ ધ્રૂજ્યો. એનાથી કશું જ ન બોલાયું ત્યારે દધિવાહને

પુનઃ કહ્યું :

"કલિંગનો ચાંડાળ રાજવી મર્દ ક્ષત્રિયને હૂકમ કરે ? અદલા-બદલીનું કામ કરે તે ક્ષત્રિય ન હોય. શૂરવીર એનું નામ કે જે સમરાંગણમાં નિર્ણય લેતાં શીખે. કરકંડુને કહેજો કે, ગામ લેવા કાગળ ન લખાય, સૈન્ય લઇને સીધા યુદ્ધભૂમિ પર આવવું જોઈએ !"

મહારાજા દધિવાહને નિર્ણય લઈ કલિંગના રાજાને યુદ્ધનું કહેણ મોકલ્યું.

સિદ્ધપુર ગામ ચંપાનગરીની હદનું ગામ હતું. એ ગામ બ્રાહ્મણને મળે અને એના બદલામાં કલિંગ રાજ્યનું બીજું કોઇ ગામ દધિવાહનને મળે, એવી એ વાત હતી.

સીધી સાદી વાત હતી, પણ આ વાતે યુદ્ધ સર્જ્યું.

એ અહંકારની વાત હતી, રાજકુળના શૂરવીરપણાની વાત હતી. દધિવાહનને થયું કે, ચાંડાળકુળનો બની બેઠેલો રાજા મને હૂકમ કરે? અને એ ચાંડાળ મને બદલામાં જમીન આપે ?

નાનકડી વાત વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે. સમાધાનની પ્રક્રિયાને બદલે યુદ્ધનું કહેણ મળ્યું.

એક મરદને છાજે એવી અદાથી મહારાજા



દધિવાહને કલિંગના ચાંડાળ રાજાને લલકાર્યો હતો.

રાજકુળની પરંપરા મુજબ યુદ્ધ અને જુગારનું કહેણ પાછું ઠેલનાર નિર્માલ્ય ગણાતો. એ કહેણ પાછું ઠેલી શકાય જ નહિ.

રાજકુળને લલકારતો, ક્ષત્રિવટને પડકારતો દધિવાહનનો પત્ર બ્રાહ્મણના હાથમાં આવતાં બ્રાહ્મણ ધ્રૂજી ઉઠ્યો :

''મારે કારણે બે રાજ્યો વચ્ચે યુદ્ધનાં મંડાણ થશે.''

પણ યુદ્ધનું એ આહ્વાન કલિંગના રાજાને આપ્યા વગર છૂટકો ન હતો. દધિ-વાહનના કાળઝાળ ગૂસ્સા જેવા પત્ર સાથે બ્રાહ્મણ પાછો ફર્યો.

કંચનપુર પહોંચીને મહારાજા કરકંડુને તેણે સઘળી વાત કરી અને કહ્યું કે, આતો આપને પડકાર છે ! ત્યારે કરકંડુનું શૂરાતન જાગી ઉઠ્યું. એણે મહારાજા દધિવાહનને યુદ્ધની ભૂમિ પર મળવા નિમંત્રણ મોકલ્યું.

બંને સૈન્ય યુદ્ધભૂમિ પર ખડાં થયાં ત્યારે સંધ્યા નમતી હતી.

રણમેદાનમાં બે સૈન્ય એક બીજાને ખાઇ જવા મથતાં હોય તેમ સામ સામે આવીને યુદ્ધના આદેશની રાહ જોતાં ઊભાં હતાં.

એક બાજુ ચંપાનગરીના મહારાજા દધિવાહન પોતાની વિશાળસેનાની આગેવાની કરતા બખ્તર, ભાલાં, બરછી, ઢાલ-તલવાર સાથે સજ્જ થઇ લડવૈયાની અદાથી ઊભા છે !

બીજી તરફ કલિંગદેશના રાજા કરકંડુ પોતાના સૈન્ય સાથે મહારાજા દધિવાહનના યુદ્ધના કહેણથી શૂરવીરની અદાથી હથિયારો વડે સુસજ્જ થઇ ચંપાનગરીના સૈન્યને લલકારતા ઊભા છે !

બંને સૈન્ય બળુકાં છે. ગજસેના, હયસેના, પયદળ એવી વિરાટ સેનાઓ સામ-સામી ઊભી છે. હમણાં મોટું ઘમસાણ મચી જશે, અનેક સૈન્યોનો ખાતમો બોલાઈ જશે. કંઇક માબાપો પુત્રવિહોણા બની જશે, અનેક સંતાનો પિતા વગરનાં બની જશે, ભયાનક મહાસંગ્રામ ખેલાશે.

મહારાજા દધિવાહન અને મહારાજા કરકંડુ લોહી તરસ્યા બનીને સામસામા ઊભા રહ્યા ત્યાં જ એમણે જોયું : દૂરથી કોઇ પવિત્ર-તાના અવતાર જેવી સાધ્વી આવી રહી હતી ! બંને રાજવીઓ ભયાર્ત બની ગયા ! યુદ્ધની તૈયારી થઇ ચૂકી છે, હમણાં યુદ્ધ ફાટી નીકળે તો બંને સૈન્યોની મધ્યમાંથી

પસાર થઈ રહેલાં આ સાધ્વીનું શું ? આવે વખતે આવનારા સાધ્વી કોણ હશે ?

એ હતાં સાધ્વી પદ્માવતી !

સંયમ અને તપથી તેજસ્વી બનેલાં સાધ્વી પદ્માવતી પોતાના સાધ્વી વૃંદ સાથે ગામ-પરગામ વિચરી રહ્યાં હતાં. એમાં અણધાર્યા ખબર મળ્યા: દંતપુરના ચાંડાળનો બાળક કરકંડુ કલિંગનો મહારાજા થયો છે. ભૂતકાળ એમના સ્મૃતિપટ પર તરી આવ્યો: કરકંડુ ! પોતાનો પુત્ર ! સંસારના સુખનું નામ કરકંડુ ! પણ હવે શું ? હવે તો સંયમના સુખનું નામ ત્યાગ ! સ્વાધ્યાયમાં નિમગ્ન બનીને એમણે ભૂતકાળની યાદને ખંખેરી નાખી.

એ વાતને વર્ષોનાં વહાણાં વીતી ગયાં.

હમણાં તેઓ વિહાર કરતાં અંગદેશની રાજધાની ચંપા તરફ જઇ રહ્યાં હતાં. ગામે ગામ તેઓ ધર્મોપદેશ કરતાં હતાં. સહુ વિશેષ પ્રમાણમાં ધર્મસાધના કરે તેવી ભાવના ભાવતા હતાં.

ચંપા તરફ વિહાર સમયે કોઇક ગ્રામજને કહ્યું :

''કેવો છે સંસાર ! એક નાનકડી બાબતને માટે બંને દેશના મહારાજાઓ યુદ્ધે ચડ્યા છે. રે ! એમની મમતને કારણે કેટલાય નિર્દોષ સૈનિકોની કતલ થઇ જશે !''

રાજવાર્તાથી તદ્દન અનભિજ્ઞ સાધ્વી પદ્માવતીએ પૂછ્યું :

"કયા દેશના બે રાજાઓ ?"

ગ્રામજને કહ્યું :

"અંગદેશના મહારાજા દધિવાહન અને કલિંગદેશના મહારાજા કરકંડુ !"

સાધ્વી પદ્માવતી ચોંક્યાં : આ બંને વચ્ચે યુદ્ધ ! શું પિતા-પુત્ર લડશે ? બંનેને ક્યાં જાણ છે કે, એ પિતા-પુત્ર છે ? સંસારની માયાના રંગ આવા હોય છે, પિતા-પુત્ર લડશે અને નિર્દોષ પ્રજાજનોનો આક્રંદ સ્વર ગગનને ભરી દેશે ! કેવું કરુણ દૃશ્ય હશે એ !

સાધ્વી પદ્માવતી સ્થિર બેસી ન શક્યાં. એ ખંડમાં સતત પરિભ્રમણ કરતાં રહ્યાં. એમના ચિત્તમાં વિચારોનું વાવાઝોડું ઉમટ્યું હતું. પોતે જલદી ત્યાં જવું ન જોઈએ ? બંનેને જાણ કરવી ન જોઈએ કે તમે પિતા-પુત્ર છો ? એમને લાગ્યું કે, આ પોતાનું કર્તવ્ય છે સમયજ્ઞ ગુરુ-મહારાજની આજ્ઞા મેળવીને તેઓ ઝડપભેર યુદ્ધભૂમિ તરફ ચાલ્યાં.

- બંને મહારાજાઓએ એક સાથે જોયું : સાધ્વીજી શાંત પગલે આવી રહ્યાં હતાં. એમની આંખોમાં કોઈ ભય નહોતો, ચહેરા પર કોઈ ચિંતા નહોતી. ધીમે પગલે તેઓ કરકંડુની દિશામાં ચાલ્યાં.

કરકંડુ હાથી પરથી છલાંગ મારીને નીચે ઉતર્યો. સાધ્વીજીને પ્રણામ કરીને એણે પૂછ્યું :

"અરે, સાધ્વીજી મહારાજ ! આપ રણભૂમિ પર ?"

શાંત સાધ્વી ગંભીર બન્યાં. એમણે ધીમેથી પૂછ્યું :

"ભાઈ ! આ યુદ્ધ શા માટે કરો છો ?"

કરકંડુએ સાધ્વીજી મહારાજ તરફ જોયું. એમની આંખોમાં પશુને માનવ બનાવી દે તેવું તેજ હતું. તે બોલ્યો :

"મહારાજ ! રાજવીઓ હમેશાં બે વસ્તુ માટે લડતા આવ્યા છે : એક સ્ત્રી અને બીજી ભૂમિ ! અમારું યુદ્ધ ભૂમિને કારણે છે."

સાધ્વીજીએ બીજો સવાલ કર્યો :

"કોની સાથે યુદ્ધ કરો છો ભાઈ ?"

"મારા એક તાજા દુશ્મન-દધિવાહન સાથે."

સાધ્વી પદ્માવતીએ વાતનો તંતુ સાધ્યો.

"મહારાજા દધિવાહન તમારા શત્રુ છે ? કાંઇક ભૂલ તો નથી થતી ને ?"

"ના."

"વત્સ ! એ તારી ભૂલ છે. મહારાજા દધિવાહન તારા શત્રુ નહિ, પિતા છે !"

‘‘પિતા ? મારા પિતા તો.....’’

‘‘નહીં વત્સ ! માતંગ તો તારો પાલક પિતા છે. તું ક્ષત્રિય છે, દધિવાહન તારા પિતા છે અને હું તારી સગી જનેતા છું ! તારા પાલક પિતાને પૂછી જો કે, સાચી વાત શું છે ?’’

ચાંડાળે કરકંડુને સાચી વાત કહી દીધી કે પોતે તો પાલક છે. બાળપણમાં એના હાથમાંથી મળેલી દધિવાહનના નામની મુદ્રિકા અને રત્નકંબલ તેણે બતાવ્યાં ત્યારે કરકંડુ પદ્માવતીની નજીક સર્યો :

‘‘મા ! મા !’’

સાધ્વી પદ્માવતીએ કહ્યું :

‘‘ભાઈ ! મોહનું પાત્ર ન બન. તારું કર્તવ્ય હું તને સમજાવવા આવી અને મારું કર્તવ્ય પૂરું થયું. હું જાઉં છું.’’

કરકંડુને જનેતા મળ્યાનો હર્ષ સમાતો ન હતો. તેણે વિનંતી કરી કે મને આખી વાત કહો ત્યારે પદ્માવતી આખી ય વાત કહ્યા પછી બોલ્યાં : ‘‘આ તો બધી કર્મની લીલા છે, આપણે બધાંય કર્મના હાથમાં રમતાં પામર જીવો છીએ !’’

કરકંડુને પારાવાર પસ્તાવો થયો : ઓહ! મેં પિતા સાથે યુદ્ધ નોંતર્યું ? એણે સાધ્વી પદ્માવતી પાસે ક્ષમા માંગી. સાધ્વી પદ્માવતી મહારાજા



દધિવાહનની રાવટી તરફ ચાલ્યાં, દધિવાહને સાધ્વી પદ્માવતીને આવકાર આપ્યો એ પળે સ્તબ્ધ થઈ ગયા :

'મહાદેવી પદ્માવતી તો નહીં ?''

''જી, એ જ. પણ રાજન ! ભૂતકાળ ભૂલી જાઓ. હવે હું માત્ર સાધ્વી પદ્માવતી છું.''

મહારાજા એને નિરખી રહ્યા. એક સમયે યૌવનથી ઉભરાતાં પદ્માવતી આજે સંયમના સુશીલ તેજથી ચમકતાં હતાં ! એમને વિખૂટાં પડ્યાની પળ સાંભરી. એમને થયું, રે ! વિખૂટાં પડ્યાં જંગલમાં, આજે મળીએ છીએ રણભૂમિ પર ! તે પણ આવા નવતર વેષમાં !

સાધ્વીજીએ કહ્યું :

''રાજન્, જેની સાથે યુદ્ધ કરો છો તે કોણ છે તેની ખબર છે ?''

''કોણ છે વળી, મહારાજા કરકંડુ !''

''ના, એ તમારો પુત્ર છે !''

''હેં ! મારો પુત્ર ?''

''હા, રાજન !''- સાધ્વી પદ્માવતીનો માનસરોવરના હંસ જેવો મીઠો અવાજ ગૂંજ્યો : એ તમારો પુત્ર છે. ભાગ્યવશાત્ મેં છોડ્યો તેથી તેને માતંગના ઘરે ઉછરવું પડ્યું ! કિંતુ પારબ્ધે સહકાર આપ્યો અને તેને રાજ્ય મળ્યું. મેં જ્યારે જાણ્યું કે,

તમારા બંને વચ્ચે યુદ્ધ થઈ રહ્યું છે ત્યારે ઓળખાણ આપવા અને અધર્મથી અટકાવવા ચાલી આવી.''

મહારાજા દધિવાહન પદ્માવતીના શબ્દે પુત્રઘેલા બન્યા. યુદ્ધની વાત ભૂલીને પુત્રને ભેટવા અધીરા બન્યા.

કર્મની ગતિ કેવી ન્યારી ! આ ક્ષણે સાધ્વી પદ્માવતીનું આગમન થયું ન હોત તો ? પિતા-પુત્ર બંને યુદ્ધે ચઢત અને બંનેનાં સૈન્યનો ખાતમો બોલી જાત. અંતે બંનેમાંથી એકની જીત થાત અને બીજાનું મૃત્યું !

પણ સાધ્વી પદ્માવતી બધી વાતથી પરિચિત હતી. પિતા-પુત્ર વચ્ચે ઘમસાણ યુદ્ધ સર્જાઇ રહ્યું છે તેવા સમાચાર સાંભળી રણભૂમિ પર દોડી આવીને એણે પુત્ર-પિતાનું મિલન કરાવી મોટી હિંસાનું નિવારણ કર્યું.

સાધ્વીએ પોતાનું કર્તવ્ય બજાવ્યું અને પોતાનો સાધ્વીધર્મ ઉજાળ્યો.

પિતા દધિવાહનને, પોતાને આવો પરાક્રમી પુત્ર છે તે જાણીને તેનું રોમરોમ પુલકિત બન્યું. હર્ષના આવેગ સાથે અધીરાઈથી મહારાજ દધિવાહન દોડ્યા. પુત્રને ભેટવાની તમન્ના હૃદયમાં ઉભરાતી હતી. સામેથી કરકંડુ આવી રહ્યો હતો. પિતા-પુત્ર

ભેટ્યા ત્યારે દેવોને દુર્લભ તેવું આહ્‌લાદક દૃશ્ય રચાયું. રણભૂમિ પ્રેમની ભૂમિ બની ગઈ.

કરકંડુ અત્યાર સુધી એમ સમજતો હતો કે ચાંડાલ માતંગ જ પોતાના સાચા પિતા છે. પરંતુ સાધ્વી પદ્માવતીએ સમગ્ર ઘટના કહી સંભળાવી, માતંગ સાક્ષીભાવે હાજર હતા તેથી કરકંડુને મનમાં સંપૂર્ણ સમાધાન થયું. કરકંડુને થયું :

''આજે મને મારાં સાચાં માતા-પિતા મળ્યાં છે. આ રણભૂમિમાં હું એમનું પૂજન કરીશ.''

એણે કુટિરમાં પાછા આવીને જોયું તો સાધ્વીજી નહોતાં. કરકંડુ ચારે તરફ નજર ફેરવીને પોતાની માતાને શોધી રહ્યો હતો. દધિવાહને તેની આંખ પારખીને કહ્યું :

''બેટા ! એ તો વિરક્ત છે. એને મોહ ન હોય! આપણા કલ્યાણને માટે અહીં આવ્યાં અને પાછાં ચાલ્યાં ગયાં ! સંતોના આગમનમાં પણ એમના પગલે પગલે આપણા હિતનો માર્ગ રચાય છે. મારા માટે પણ આજે સુંદર માર્ગ રચાઈ ચૂક્યો છે.''

દંતપુરના મહારાજાની આજ્ઞાથી, કરકંડુ રાજા બન્યો ત્યારે બ્રાહ્મણ બાળને એક ગામ આપવાનું વચન પાળવા જતાં મહા અનર્થ સર્જાતાં રહી ગયો.

એક પ્રસંગ મહાવિનાશ નોંતરવાની શક્તિ ધરાવે છે અને એ જ પ્રસંગ અનેક જીવનને ધન્ય બનાવનાર પણ બની શકે !

પારસના સ્પર્શે લોખંડ સોનુ બને, તેમ આ વિનાશના પ્રસંગને પાવનકારી બનાવનાર સાધ્વી પદ્માવતી હતાં. પદ્માવતીનું રણભૂમિમાં આગમન ભાવિના કંઇક અણસાર લાવ્યું હતું.

મહારાજા દધિવાહનના મનમાં યુદ્ધનો વિચાર ઓગળી ગયો. પોતાની પ્રિય પત્નીને ભગવાન મહાવીરનાં ચરણોમાં સમર્પિત થયેલી સાધ્વી સ્વરૂપે જોઈ હૈયું પલટાઈ ગયું. પોતાની પ્રિય મહારાણી પદ્માવતીની તપસ્યા જોઈ મહારાજા દધિવાહનને પણ વૈરાગ્ય જાગ્યો

અને એ જ રણભૂમિ પર દધિવાહને સંકલ્પ કરી લીધો : 'ભગવાન મહાવીરનાં ચરણોમાં જીવનસમર્પણ કરવું.' દધિવાહનને હવે આ સંસારની માયાનાં વળગણ આકરાં લાગ્યાં. અંગ દેશનું રાજપાટ પોતાના પુત્ર કરકંડુને સોંપીને સંસાર ત્યાગ કરી દીક્ષા ધારણ કરવાનો કૃતનિશ્ચય કરીને પોતાના પુત્રને કહ્યું :

''સંસારની માયા ખોટી છે પુત્ર, કલિંગની જેમ અંગદેશને પણ તું સંભાળજે. હું હવે દીક્ષીત થઈશ.''



# ૯

"દીક્ષા ?"

કરકંડુને આઘાત લાગ્યોઃ ઘડી પહેલાં માતા અને પિતા મળ્યાનો આનંદ હતો. માતા તો સાધ્વીના પરિવેશમાં હતાં તે ચાલ્યાં ગયાં. શું પિતા પણ જશે ? એણે ફરીથી પૂછ્યું :

"દીક્ષા ? શા માટે ?"

દધિવાહનના મુખ પર અપાર્થિવ તેજ પ્રકાશ્યું. તેમણે કહ્યું :

"બેટા, થોડીવાર પહેલાં જ્યારે આપણને પરિચય પણ નહોતો ત્યારે દિમાગમાં નર્યો તીરસ્કાર ભર્યો હતો. અને આ પરિચયની બીજી જ પળે મમતાથી ઓળઘોળ છીએ ! આનું જ નામ માયાનાં મૃગજળ ! પણ બેટા !"



મહારાજા દધિવાહને રાવટીની બહાર ઊભા રહેલા અનુચરને બોલાવીને મંત્રીશ્વરને મોકલવા કહ્યું.

મંત્રીશ્વર આવ્યા ત્યારે તેમણે જોયું કે, મહારાજા કરકંડુ નાના બાળકની જેમ આક્રંદ કરતા હતા. મહારાજા દધિવાહન સ્વસ્થ બેઠા હતા ! આ દૃશ્ય અકલ્પ્ય હતું. તેમણે પ્રશ્નભરી આંખે મહારાજા સામે જોયું. દધિવાહને કહ્યું :

''મંત્રીશ્વર, આજ તો ખુશીનો દિન છે. આ કરકંડુ મારો પુત્ર છે !.,...''

''ઓહ ! મારા નાના માલીક !'' - મંત્રીશ્વર વસુદત્ત જમીન પર બેસી પડ્યા : એમના અંતરમાં હર્ષ ઉભરાતો હતો. ત્યાં બહાર કોલાહલ સંભળાયો. મંત્રીશ્વરે બહાર જઈને જોયું તો પિતા-પુત્રના સંબંધથી અજાણ મહારાજા કરકંડુના સેનાધિપતિ પોતાના સૈનિકોને લઈને આવી પહોંચ્યા હતા. પોતાના સેનાધિપતિને ઉદ્દેશીને કરકંડુએ કહ્યું :

''નચિંત રહો, અને સમગ્ર પ્રજાજનોને જાણ કરો કે, મહારાજા દધિવાહન કરકંડુના પિ[illegible] સમરભૂમિ આજે અમરભૂમિ બની છે!''

"- અને એ પણ જાણ કરો કે -" પાછળને પાછળ આવીને ઊભા રહેલા મહારાજા દધિવાહને કહ્યું :

"રાજા દધિવાહન દીક્ષા અંગીકાર કરે છે અને કરકંડુ કલિંગની જેમ આજથી અંગના પણ મહારાજા બને છે !"

"પિતાજી !"

"રાજન્ !"

પુત્ર અને મંત્રીની વિનવણીથી કે પ્રજાજનોના આગ્રહથી મહારાજા ચલિત ન થયા. રત્ન મઢ્યો મુકુટ શિર પરથી ઉતારીને દધિવાહને સ્વહસ્તે કરકંડુને પહેરાવ્યો અને ચારિત્ર્ય અંગીકાર કરવાના શુભ ભાવથી વનના માર્ગે નીકળી પડ્યા.

મહારાજા કરકંડુ સહિત ચંપાના લાખો પ્રજાજનો એમને સજળ નેત્રે નિહાળી રહ્યા.




# ૧૦

આકાશી રંગ જેવા સંસારથી રાજવી કરકંડુ હવે સુપરિચિત હતા. અંગ અને કલિંગના બે વિશાળ રાજ્યોની ધૂરા વહન કરતાં એમણે અનુભવની અનેક બારીઓ ઉઘાડ-બંધ થતી નિહાળી હતી. આ અનુભવ એમને સંસારની શાળાનો બોધપાઠ લાગતો !

કરકંડુ પોતાના જીવનનો સતત વિચાર કર્યા કરતા : સ્મશાનમાં ઉછરેલો એક બાળક બે-બે વિશાળ રાજ્યોનો સ્વામી બની જાય એ ભાગ્યની કરામત નથી તો બીજું શું છે ?

નગરના પ્રવેશદ્વાર પર એમણે પોતાની જીવનકથા કોતરાવી કે જેથી લોકોને જાણ થાય કે ભાગ્યની લીલા કેવી હોય છે.



દયાળુ કરકંડુએ પોતાના રાજ્યમહેલની પાસે જ સુંદર મજાની ગૌશાળા વસાવી હતી. કરકંડુ અહિંસાના આગ્રહી હતા અને દયાના પાલક. એક દિવસ ફરતા ફરતા તે ગૌશાળામાં પહોંચ્યા. ગૌશાળામાં તાજો જન્મેલો સુંદર વાછરડો હતો. કરકંડુએ પહેલી વખતે જોયો અને તે પ્રિય થઈ પડ્યો. વાછરડાના દેહ પર સ્નેહથી હાથ ફેરવીને ગોપાલકને સૂચના કરી કે, આનું વિશેષ ધ્યાન રાખજો.

મહારાજા કરકંડુ અવારનવાર ત્યાં આવતા હતા. આ યુવાન વાછરડાને જોતા ને આનંદ પામતા.

વર્ષો વીત્યાં.

એક દિવસ અચાનક તે ગૌશાળામાં આવ્યા. પેલો વાછરડો દેખાયો નહિ તેથી તેમને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું :

"પેલો વાછરડો ક્યાં છે ?"

ગોપાલકે કહ્યું :

"તમારી સામે ઊભો છે તે જ છે !"

કરકંડુએ પોતાની સામે ઊભેલા બળદને જોયો. સાવ વૃદ્ધ હતો એ ! આંખોમાંથી પીળું પાણી

ઝરતું હતું, દેહ પર માખીઓ બણબણતી હતી ! આ જોઈને મહારાજા કરકંડુ વ્યથિત થઈ ગયા.

એમને થયું : શું દરેક પ્રાણીઓની આ જ હાલત થતી હશે ? ગઇકાલ સુધી સુંદર અને આનંદિત જણાતો બળદ આજે વૃદ્ધ અને બીમાર જણાય છે ! શું મારી જુવાની પણ આમ જ ચાલી જવાની ? જીવન આમ જ શું પૂરું થઈ જવાનું ?

કરકંડુ વૈરાગ્યની રમણાએ ચઢ્યા.

વૈરાગ્યની તીવ્રભાવના એમના હૃદયના ઊંડાણમાંથી ઉઠી. દેહની પેલે પાર આત્મા સાથે વૈરાગ્યનો તંતુ સંધાયો અને એમને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ચિત્તથી એ વૈરાગ્યવાસિત બની ગયા. દેવોએ આવીને તેમને મુનિનો વેશ આપ્યો. એ શ્વેત પરિવેશ અંગીકાર કરીને સંયમના મંગળકારી માર્ગે નીકળી પડ્યા.

સંસારના એ પહેલા પ્રત્યેક બુદ્ધ મુનિ બન્યા.

સુરભિભર્યા પવનની જેમ વિહરતા એ મુનિના પગલે પગલે સંસારને સુખનાં કિરણ લાધ્યાં.

❋ ❋ ❋



મુનિશ્રી વાત્સલ્યદીપ